

કાશ્મીરનાં ખાનું
ફોટો · પ્રાણલાલ પટેલ (એ.આર.પી.એસ)

કુમાર

ઑગસ્ટ
૨૪૮
૧૯૪૮
આવતી કાલનાં નાગરિકોનું માસિક · આદ્યતંત્રી · રવિશંકર રાવળ · સંપાદક · બચુભાઈ રાવત
છુટક ૦-૧૦-૦



કુલદીપક

ચિત્રકાર · રવિશંકર રાવળ

કુમાર આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૨૧ · અંક ૮ · ઑગસ્ટ · ૧૯૪૪ · સળંગ અંક ૨૪૮ મો

ભરતાત્મજો ·પૃથ્વી·

ભલે તું વનરાજ ! કાળ સમ કારમો ક્રૂર હો,
દિગંત પડછંદ ઘોર તવ ગર્જના પાડતી,
પ્રચંડ યમદંડ શો તવ ભલે મહાપંજ હો,
સુતીક્ષ્ણ તવ દાઢ શૂળ સમ દંત દેખાડતી
ખુલે મરણદ્વાર શી; પણ નહીં જ એથી ડરે
કદી ભરતબાલ, નામ ભયનું ય ના જાણતા;
અરે શિશુવયે ય વાળ તવ ખેંચી જિદ્દી કરે
દુરંત મુખદાઢ દંત ગણવા બળે ફાડતા;
દબાવી પદહેઠ વજ્ર સમ ઘોર પંજો, ક્રમે
કૂદી તવ અધીન પીઠ પર સ્વાર થાતા સહી;

સમર્થ સુત સિંહવાહિનીતણા દુલારા અમે
અજેય, અમ માતૃ-અંક થકી કાન તારા ગ્રહી
અનેકવિધ ખેલનાર ભરતાત્મજો, કેસરી !
પરાક્રમતણું પ્રમાણ અમ પ્રાણ દેશે ફરી.

પૂજાલાલ

શકે છે

જીવનને જીવન તું બનાવી શકે છે,
જગત નાનું તારૂં સજાવી શકે છે.
અરે ! તુજને થઇ જાય જો ભાન તારૂં
તો રણમાં ય ઉપવન બનાવી શકે છે.

એ માન્યું અણુ છે, છતાં પણ થયું શું ?
સકળ વિશ્વ એમાં સમાવી શકે છે.
તને કૈં કરી દે—ને તું કૈં કરી દે
તમન્નાઓ એવી જગાવી શકે છે.
અજાણ્યો છે તારા તુ સામર્થ્યથી કાં ?
દિશા ભાગ્યને પણ ભુલાવી શકે છે.
મજાલ એની શી કે તને કોઈ રોકે ?
જમાનાને તારો બનાવી શકે છે.
ફળી તું શકે છે જગતમાં, ઓ નિષ્ફળ !
હસી વિશ્વ આખું હસાવી શકે છે.
યદિ આત્મશક્તિની શક્તિ તું જાણે,
પછી કાળને પણ નમાવી શકે છે.
વિચારોની તું મેખ મારીને જગમાં
નવો એક સિક્કો ચલાવી શકે છે.
અણુ યે અણુને ચમક દેતી જાયે,
કિરણધાર એવી વહાવી શકે છે.
જો ઇન્સાન ચાહે, 'સગીર' શું ન થાયે ?
ત્રિભુવનની સીમા વટાવી શકે છે.

'સગીર'

જતો વિસરી ના કદિ, નવલ પાન્થ હે! આટલું
કશું ય સહ છો ન હો, પણ હયું રખે દે' જતું.

હસિત બૂચ

અનુક્રમણિકા

સામયિક ચિંતન

પરાજય

સૌ કોઈ વિજયને વાંછે એ કુદરતી છે; પણ આપણા જીવનમાં તો એણે એટલી બધી ઘેલછાભરેલી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે, કે વ્યક્તિના જીવનમાં પરાજયને પણ સ્થાન છે એ વાત જ જાણે આપણે સદંતર ભૂલી ગયા છીએ. તમે કેળવણી લ્યો -ત્યાં તમારી કિંમત પરીક્ષાના વિજયથી, વ્યાપાર કરો–તમારી કિંમત સમૃદ્ધિના સંચયથી, સંસાર ચલાવો–તમારી કિંમત તમે પ્રાપ્ત કરેલી પ્રતિષ્ઠાથી, સંસ્થા ઘડો –તમારી કિંમત તમારા સંચાલનના વિજયથી, નાટક લખો–તમારી કિંમત ટિકિટબારી ઉપરથી, નવલકથાઓ લખો–તમારી કિંમત તમારા વેચાણ ઉપરથી, નોકરી કરો–તમારી કિંમત વિજયી 'પ્રમોશન'થી,—આમ જીવનના હરકોઈ ક્ષેત્રમાં નજર નાખો અને વિજય એટલે જ જાણે જીવનસર્વસ્વ એવો ભાસ થશે. ખરી વસ્તુ એ છે કે ઈતિહાસે તો એવા પુરુષો ને પ્રસંગો નોંધ્યા છે કે જે વિજયી હતા અને છતાં પરાજય વડે જ મહાન બન્યા હતા. માનવના જીવનઘડતરમાં પરાજયનું ઓછું મહત્ત્વ નથી. અને પરતંત્ર પ્રજા માટે તો વિજય નહિ પરંતુ પરાજય એ જ ખરૂં રસાયન છે.

અનેક પરાજયો મેળવ્યા વિના જે માત્ર વિજયને વાંછે છે એ અધમ ને આળસુ છે. એને પોતાનામાં રહેલા અખૂટ સામર્થ્યની ખબર નથી. માણસે જીવનમાં આશા રાખવી, વિજય ઈચ્છવો, પરિણામ શુભ કલ્પવું—અને છતાં નિરાશાને, પરાજયને, અશુભને પણ જીવનમાં ઘણું મહત્ત્વનું સ્થાન છે એ સત્ય કદાપી પણ ન ભૂલવું. ખરીરીતે તો જેમ રાત્રિ વિના દિવસની કાંઈ જ કિંમત નથી, તેમ આઘાત, નિરાશા, નિર્વેદ ને પરાજય વિનાના જીવનની કાંઇ જ કિંમત નથી ! જે માણસ હમેશાં જ ફાવે છે તેનામાં માનવતત્ત્વ અવિકસિત અવસ્થામાં રહે છે. અફળતાનું નિર્માણ એ તો માણસની આવશ્યક એવી એક આકરી કસોટી હોય છે. એવી કસોટી એ જો પાર ન કરી શકે તો જ એ પરાજય પામ્યા કહેવાય. એવી કસોટી-માંથી પણ જો એ પાર ઊતરે તો પરાજયની ઊંડી ખીણમાં રહીને પણ એ ઉન્નત મસ્તકે કહી શકે કે વિજય તો મારો જ છે

જીવનમાં હાર્યો દા રમવાની કલા એ કાંઈ દેખીતા પરાક્રમી, વિજયાકાંક્ષી કે કુનેહબાજ પુરુષોની તાકાત નથી. એ તાકાત કેવળ શ્રદ્ધાવાનની છે; પોતાના જીવનમાં 'મિશન' લઇને આવેલા, સંસ્કૃતિના પરિમલથી સભર એવા કોઈક નર-પુંગવની છે. માણસ, જીવનના પ્રભાતકાળથી જ વિજયનો આત્યંતિક મોહ તજીને, એને જો જીવનનો એક અકસ્માત ગણતો થઈ જાય તો દરેક પરાજય દ્વારા પણ એ પોતાનું સામર્થ્ય વધારતો રહે, અને એને ખાતે નોંધાએલા એક હજાર ને એક પરાજય પછી પણ એ પોતે તો વિજયી જ રહે; કારણ કે, છેવટે તો માનવ, વ્યક્તિ તરીકે જે મહત્તા પ્રાપ્ત કરે છે એ એનું સામર્થ્ય સમષ્ટિને નિરંતર ઘડ્યા તો કરે જ છે. એટલે જ કેવળ વિજયની પ્રણાલિકા એ ઘણી વખત તો પ્રજાના પરાજયનો પ્રસ્તાવ બની રહે છે. અને વિજય મળ્યો એટલે વિનિપાત દૂર નથી. ઇતિહાસે તો વિજય ને વિનિપાતને મહાકાલપુરુષની આંગળીએ વળગેલાં બે બાળકો જ માન્યાં છે.

(સ્ત્રીજીવન)

ધૂમકેતુ

કલ્યાણકામી શિવપ્રસાદ ગુપ્તા

દાની, જ્ઞાની, હતા માની. અતિથિદેવ પૂજતા,
ભારતમાત મંદિરે, અંકાવી ઐક્યભાવના.

'આપણા જૂના સહાયક ને કાર્યકર્તાગણ જેને લીધે જ મારૂં જીવન સુખ અને શાંતિમય બન્યું હતું તેઓ મારા હાથપગ સમાન છે. એમને મારે ઠેકાણે તારા વડિલ માનજે અને એવું કોઈ પણ કાર્ય ન કરીશ જેથી એમને કોઇ પણ પ્રકારે ક્ષોભ કે અપ્રસન્નતા થાય. નહિ તો મારા આત્માને ભારે ગ્લાનિ થશે જેનો ઉપચાર અસંભવિત છે.'

આ વર્ષના એપ્રિલની ૨૪મી તારીખે કાશીમાં શિવપ્રસાદજીનો દેહ ઢળ્યો તેના દોઢ મહિના પહેલાં સ્વર્ગસ્થે પોતાના દોહિત્રા સત્યેન્દ્રકુમાર ગુપ્તા ઉપર જે છેવટનો કાગળ લખ્યો હતો તેમાંથી ઉપરનું અવતરણ લીધું છે. આમાં પોતાના સહકાર્યકર્તાઓ પ્રત્યેની એમની મમતા નિઝરે છે, એમના ભાવનાપ્રધાન તથા ઊર્મિલ હૃદયની હૂબહૂ પિછાન થાય છે તથા દેશપ્રેમની દિવ્ય જ્યોત ઝગે છે.

એ બાબુ શિવપ્રસાદ ગુપ્તા તે કોણ?

કાશીમાં રાષ્ટ્રીયતાના પ્રતીક સમા ભારતમાતાના સૌમ્ય-સુંદર મંદિરના ચણાવનાર, કાશી વિદ્યાપીઠની સ્થાપના કરનાર ને તેને ચલાવનાર, હિંદી ભાષાના અનન્ય આગ્રહી સેવક, હિંદી સંસ્કૃતિના કટ્ટર હિમાયતી, જૂના વિચારના છતાંય સુધારક, હિંદુ-મુસ્લીમ એકતાના ઉપાસક, દાનશીલતામાં આદર્શ સમા, હિંદી રાષ્ટ્રીય મહાસભાના કેટલાં યે વર્ષો સુધીના કોષાધ્યક્ષ, ગાંધીજીના ચુસ્ત અનુયાયી, માલવીયજીના પરમ ભક્ત, અસહાયોના સ્થંભ શા, અનેક વિદ્યાર્થીઓના વાલી, રાષ્ટ્રીય તથા સાર્વજનિક સંસ્થાઓના પ્રેરક પોષક ને સહાયક, અતિથિસત્કારમાં અદ્વિતીય, કાશીના 'સેવા-ઉપવન'ના ધનાઢ્ય બાબુ શિવપ્રસાદના નિધનથી કાશીને, યુક્ત પ્રાંતોને તથા સમગ્ર રાષ્ટ્રને મોટી ખોટ પડી છે.

સંવત ૧૯૪૦માં કાશીમા ધનવાન કુટુંબમાં જન્મેલ આ ચરિત્રનાયકનું બચપણ ખૂબ લાડકોડમાં વીતેલું. ત્રણ વર્ષની વયથી માતાની સાથે ફૈઝાબાદ રહેલા હોઈ ત્યાં તેમણે ઉર્દુ-ફારસીનો જ અભ્યાસ કર્યો. ૧૫-૧૬ વર્ષ સુધી તેમને દેવનાગરી લિપિનો કે અંગ્રેજીનો બિલકુલ પરિચય ન હતો. દેવકીનંદન ખત્રીનાં લોકપ્રિય પુસ્તકો 'નરેન્દ્ર વીર ઉર્ફે કટોરાભર ખૂન,' 'ચન્દ્રકાન્તા' તથા 'ચન્દ્રકાન્તા સંતતિ' વાંચવાની ઉત્કંઠાથી દેવનાગરી લિપિ શિખ્યા. અને તે પછી કાશીમાં આવી જયનારાયણ હાઈસ્કૂલમાં દાખલ થયા.

૧૩ વર્ષની ઉંમરે એમનાં લગ્ન થઈ ગએલાં. એમનાં પત્ની સ્વ. ભગવતીદેવીની એક વાત ઉલ્લેખનીય છે. શિવપ્રસાદજીના લોહીનો સંચાર ખૂબ વધવા લાગ્યો અને ભગવતીદેવીને એ ચિંતાનો વિષય બન્યો. કોઈક જ્યોતિષીએ સંવત ૧૯૯૫માં ગ્રહ આકરા આવે છે વગેરે બતાવ્યું. ભગવતીદેવીને એક દક્ષિણમાર્ગી તાંત્રિક મહાત્મા સાથે પરિચય હતો. તેમણે એ અરિષ્ટ ટાળવાનો ઉપાય બતાવ્યો: 'હું એક પ્રયોગ દાખવી શકું છું જેથી શિવપ્રસાદજી તો નિશ્ચિતપણે બચી જશે, પણ તમારા ઉપર આફત ઊતરશે, જેમાંથી ઇશ્વર જ તમને બચાવી શકે.' આર્ય નારી ભગવતીદેવી પતિનું દુઃખ પોતા ઉપર લેવા તૈયાર થયાં. તાંત્રિકનો પ્રયોગ શરૂ થયો અને ફળ પણ તેણે કહ્યું હતું તેવું જ આવ્યું! આ પ્રયોગની જાણ શિવપ્રસાદજીને પત્નીના નિધન પછી થઇ.

વિદ્યાભ્યાસકાળથી જ એમણે જાહેર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાનો આરંભ કર્યો હતો. ૨૧ વર્ષની ઉંમરે મૅટ્રિક થયા તે સમયમાં કાશીના પ્રતિનિધિ રૂપે તેઓ મુંબાઇ કૉંગ્રેસમાં ગયા. બીજે વર્ષે કૉંગ્રેસના કાશી અધિવેશનમાં સ્વયંસેવક તરીકે એમણે કામ કર્યું. પરદેશગમનના હિમાયતી તેઓ તે સમયથી બન્યા અને ધનાઢ્ય કુટુંબના આવા જોશીલા યુવાન સમવયસ્કોના અગ્રણી બન્યા. તેવી જ રીતે આંતરજાતીય લગ્ન, અસ્પૃશ્યતોદ્ધાર, મદ્યપાનનિવારણ વગેરે સુધારાઓમાં પણ તેઓ આગળપડતો ભાગ લેવા લાગ્યા.

કૉલેજના સામાન્ય વિદ્યાર્થીઓ જ્યારે ટેનિસ, બૅડમિંટન વગેરેમાં સંધ્યાકાળ મોજશોખમાં જ ગાળતા ત્યારે શિવપ્રસાદજીને ત્યાં મિજલસ જામતી અને રાષ્ટ્રીય પ્રશ્નોની ચર્ચાઓ થતી. એમના મેજ ઉપર બિપીનચંદ્ર પાલનું 'સ્વરાજ્ય' છાપું તથા હિંદપ્રેમી હાર્ડી મારફત ઇંગ્લંડથી પ્રકાશિત થતું 'ઇન્ડિયા' છાપું નજરે પડતાં.

એમના વિચારો પ્રગતિશીલ હતા. પોતે આર્યસમાજી અને મૂર્તિપૂજાના વિરોધી હોવા છતાં કાશીમાં ગ્રહણ સમયે જાત્રાળુઓને સહાય પહોંચાડવાની દૃષ્ટિએ તે કામ કરતા. એમની જ પ્રેરણાથી કાશીમાં સેવાસમિતિની સ્થાપના થઈ, જેમાં જાતિ કે ધર્મનો ભેદ ન ગણાતો. શિવરાત્રિના મેળામાં જો હિંદુઓને મદદ અપાતી, તો ઈદ પ્રસંગે મુસલમાનોને શરબત તથા પાનની લ્હાણી થતી. આ વિશાળ દૃષ્ટિ હોવાને કારણે જ એમણે એક રાષ્ટ્રીય મંદિર—પ્રાર્થનાલયની કલ્પના કરી હતી અને તે જ કલ્પના આખરે 'ભારતમાતા મંદિર'માં સંવત ૧૯૯૩માં મૂર્ત થઈ આપણા કવિ ઈકબાલે 'નયા શિવાલય' કાવ્યમાં જે એક મંદિર કલ્પ્યું છે, જાણે તેજ ભાવના આ 'ભારતમાતા મંદિર'માં ઓતપ્રોત થઇ છે. એ મંદિરમાં ૩૦ ચોરસફીટની ભારતમાતાની સુંદર ને ભાવનાપૂર્ણ આરસપહાણની મૂર્તિ છે. એ મૂર્તિની નીચેની બેઠક પર ભારતવર્ષના પાંચ હજાર વર્ષના ઇતિહાસની મુખ્ય બીનાઓ આલેખાઈ, છે તેમજ વેદ-વેદાન્ત, દર્શન વગેરેનું સૂચિપત્ર પણ કોતરાયું છે.

શ્રી હરિશ્ચંદ્ર વિદ્યાલયના આચાર્ય પંડિત રામનારાયણ મિશ્ર કૉલેજના વાર્ષિકોત્સવ સમયે ઈનામો આપવા માટે એક સ્થાયી કોષ ઉઘરાવી રહ્યા હતા. એક ખત્રી ગૃહસ્થે ખત્રી વિદ્યાર્થી માટે અને એક જૈને એક જૈન વિદ્યાર્થી માટે ઇનામોની રકમ આપી, ત્યારે આપણા શિવપ્રસાદજીએ મુસ્લિમ વિદ્યાર્થી માટે ઇનામની વ્યવસ્થા કરાવી! આ નાના દૃષ્ટાંતમાં એમની સમદૃષ્ટિ દેખાઇ આવે છે.

માંદગીને કારણે તેઓ સ્નાતક (બી.એ.) ન થઈ શક્યા, પણ તેમની જાહેર પ્રવૃત્તિઓ વધવા લાગી હતી. એમના આયુષ્યના ત્રીસમે વર્ષે એમની માતાનું મૃત્યુ થયું. માતાને દુઃખી કરી એઓ પરદેશગમનનો સુધારો અને પોતાની મહત્ત્વાકાંક્ષા અમલમાં મૂકી શકતા ન હતા. માતાના નિધન બાદ આયુષ્યને ૩૧મે વર્ષે એઓ યુરોપયાત્રાએ ઊપડ્યા, ને ઇજિપ્ત, ઇંગ્લંડ, અમેરિકા, જાપાન, ચીન, કોરિયા વગેરે દેશોનું ભ્રમણ કર્યું. યુરોપના પ્રથમ મહાયુદ્ધને કારણે એઓ અન્ય સ્થળે ન જઈ શક્યા. સ્વદેશ પાછા વળતાં એમને સિંગાપુરમાં અઢી માસનો કારાવાસ ભોગવવો પડ્યો. એ વખતે પણ નગ્ન જડતી, ખોરાકની કનડગત, રહેવાની હાડમારી, અમલદારોની તોછડાઇ વગેરે પ્રચલિત હતું. એ યુરોપયાત્રાનું સચિત્ર રોચક વર્ણન 'પૃથ્વી-પ્રદક્ષિણા' નામના પોતાના ગ્રંથમાં એમણે કર્યું છે.

આ યાત્રા પછી એમણે રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં વધુ ભાગ લેવા માંડ્યો. સંકોચશીલ સ્વભાવને કારણે તેઓ જાહેર બહુ આગળ આવી શક્યા ન હતા, પણ એમનું પ્રવૃત્તિક્ષેત્ર વિસ્તરતું જ ચાલ્યું. કાશીનું એમનું મકાન 'સેવા-ઉપવન' તો જાણે રાષ્ટ્રીય કાર્યકર્તાઓનું અતિથિગૃહ જ બની ગયું. આતિથ્યની એમની

ભાવના ઉચ્ચકોટિની હતી એઓ કદિ એકલા જમવા બેસતા નહિ; કોઇ ને કોઇ મહેમાન તો હોય જ. રસોડામાં એવો હુકમ આપી રાખેલો કે પાંચછ જણનું વધુ જ રાંધી રાખવું. શિવપ્રસાદજીનું ઘર એટલે પોતાનું જ ભવન એમ અતિથિને લાગતું. મહાત્મા ગાંધીજી, મૌલાના આઝાદ, પંડિત મોતીલાલજી અને જવાહરલાલજીથી માંડીને નાનામાં નાના કાર્યકર્તાને અતિથિ તરીકે એમણે સત્કાર્યા છે.

જેમ આતિથ્યમાં તેમ દાનશીલતામાં પણ તેઓ પ્રથમ હરોળમાં આવે એવા દાનવીર હતા. જમણો હાથ આપે તેની જાણ ડાબા હાથને ન થાય એવી એમની પદ્ધતિ હતી. અસંખ્ય વિદ્યાર્થીઓ, સંસ્થાઓ તથા કાર્યકર્તાઓને એમની પાસેથી મદદ મળી છે. ભાગ્યે જ કોઇને ખબર હશે કે હિન્દી સાહિત્યકાર સ્વ. મહાવીરપ્રસાદ દ્વિવેદીને શિવપ્રસાદજીએ જ માસિક વૃત્તિઓ આપીને ટકાવી રાખ્યા હતા અને એ 'સરસ્વતી'કાર આચાર્ય દ્વિવેદીજીનાં પુસ્તકો પ્રસિદ્ધ કરાવવામાં પણ એમણે જ સહાયતા આપી હતી. આ વાત એટલી બધી ગુપ્ત રહી છે કે દ્વિવેદીજીના સ્મારક અંકમાં પણ આનો ક્યાંય ઉલ્લેખ નથી થયો. અનેક વિદ્યાર્થીઓને એઓ શિષ્યવૃત્તિઓ આપતા. પહેલાં તો વિદ્યાર્થીઓ આવીને લઈ જતા, પણ પછીથી વિદ્યાર્થીને નિશ્ચિત તારીખે છાત્રવૃત્તિ ઘરબેઠાં મળે એવી વ્યવસ્થા કરેલી. અને તે જ પ્રથા સંસ્થા તથા કાર્યકર્તા પરત્વે પણ એમણે લાગુ પાડી હતી ક્યાંયે એમનું દાન જાહેર થઈ જતુ એ એમને ગમતું નહિ. કાશીમાં રાષ્ટ્રીય વિદ્યાપીઠની સ્થાપના તથા તેના નિભાવ માટે એમણે દસ લાખ રુપિયાનું જે દાન કર્યું તે પણ પોતાના ભાઇને નામે! કોઇક સંબંધી, કોઇક કાર્યકર્તા, કોઇક પરિચિત ઉપર અચાનક આફત આવી પડતી ત્યારે તેઓ ગળગળા થઈ જતા અને એને યોગ્ય મદદ ચુપકીથી પહોંચાડી દેતા. કાશીમાં ભંગીઓને (અંત્યજોને) ખ્રિસ્તી બનાવવા માટે એ લોકોને ઉધાર રૂપિયા દેવાનું પ્રલોભન આપવામાં આવતું કેટલાક દહાડા પછી પાદરીઓ અને અંત્યજો વચ્ચે લેણદેણ અંગે તકરાર પડી. અંત્યજોએ આર્યસમાજનું શરણુ શોધ્યું. શિવપ્રસાદજી ને વેળા તેના સભાસદ હતા. એમણે આર્યસમાજ મારફત તેમની શુદ્ધિ કરાવી. એટલું જ નહિ પણ તેમને ઋણમુક્ત કર્યા. તે દિવસથી કાશીના અંત્યજો તેમને 'રાજા' તરીકે ઓળખવા લાગ્યા.

એમના અવસાન પહેલાં એક અઠવાડિયે કાશીના આર્યવિદ્યાસભાએ ભંડોળ માટે અપીલ બહાર પાડેલી, તેમાં એ સંસ્થાના એક વખતના પ્રમુખ તરીકે એમની સહીની જરૂર હતી. તેમાં સહી કરી આપીને મંત્રીને તેમણે કહ્યું, કુછ દે ભી દેના. એ 'કુછ' એટલે એક હજાર રૂપિયા! એમની ને મંત્રીની વચ્ચે હમેશનો સંકેત થઇ ગયો હતો કે 'કુછ' એટલે એક હજારનું દાન; 'હાં' એટલે એકસો રૂપિયા સુધી અને 'અચ્છા' એટલે પાંચસો રૂપિયા સુધી આપવા.

૧૬ વર્ષ સુધી એઓ ઉર્દૂ-ફારસી જ ભણ્યા હતા, પણ હિંદી પ્રત્યે એમને અનહદ માન હતું. હિંદી ભાષાની સેવા એમણે અનેક રીતે કરી છે. કવિઓ, લેખકો ને હિંદી સાહિત્યની સંસ્થાઓ સાથેનો એમનો ગાઢ સંબંધ તથા ભાષાશુદ્ધિ માટેનો એમનો આગ્રહ એ કાશીમાં તથા યુક્ત પ્રાંતમાં જાણીતી વાત છે. 'જ્ઞાનમંડળ'ની સ્થાપના તથા તે મારફત પુસ્તકોનું પ્રકાશન, સ્વતંત્રરીતે પોતે પ્રકાશિત કરતા તે, તથા 'આજ' નામનું વર્તમાનપત્ર (દૈનિક તથા સાપ્તાહિક) એમનાં સ્મારક રૂપ છે. 'આજ' પત્રને વિકસાવવા એ અહોનિશ ઉદ્યમશીલ રહેતા. એમાં લેખસામગ્રી કેવા પ્રકારની હોય તેની પણ એઓ તકેદારી રાખતા અને મુદ્રણની અશુદ્ધિઓ તથા અનિષ્ટ જાહેરખબરો દૂર ન થાય તો પત્ર બંધ કરવાનો આગ્રહ રાખતા.

શુદ્ધ હિંદીના એઓ આગ્રહી હતા. હિંદુસ્તાનની સંસ્કૃતિના એઓ રખેવાળ હતા. મિસ્ટરને બદલે શ્રીનો પ્રચાર એમણે કરાવ્યો તારીખ અને ઈસ્વી સનને બદલે તિથિ તથા સંવત્‌નો જ તેઓ ઉપયોગ કરતા. એક વેળા એક સંસ્કૃત સંમેલનની નિમંત્રણ પત્રિકા આપવા એક શિષ્ટમંડળ એમને ઘેર ગયું. નિમંત્રણપત્રિકા વાંચવા એમણે તેમાંના એકને કહ્યું. પત્રિકા વંચાવા લાગી: 'सप्रश्रयं निवेद्यते यदत्र नगरे मार्च मासस्य ५–६ तारिकयो:. .' આટલે સુધી જ હજી વંચાઇ અને શિવપ્રસાદજી ત્રાડૂક્યા: 'બંધ કરો, તમને લોકોને શરમ નથી આવતી? સંસ્કૃત ભણો છો, સંસ્કૃતનું સંમેલન ભરો છો અને 'मार्च मासस्य तारिकयो: ? ડૂબી મરવાની વાત છે!' એટલું કહી શિષ્ટમંડળવાળા ત્રણે જણને પોતા તરફથી પ્રકાશિત થતા પંચાંગની એકએક નકલ આપી!

સ્ત્રીશિક્ષણના એઓ જબ્બર હિમાયતી હતા. જાપાનની સ્ત્રી સંસ્થાઓનું સારી પેઠે નિરીક્ષણ કરી. ત્યાંના મહિલા વિશ્વવિદ્યાલયના અંગ્રેજી વૃત્તાંતની નકલો પોતે સાથે લાવ્યા હતા અને ખાસ ખાસ ગૃહસ્થોને તે મોકલી હતી. ડૉ. ધોંડે કેશવ કર્વેએ એ વૃત્તાંતને જ આધારે મહિલા વિશ્વવિદ્યાલય ખોલવાનો પોતાનો વિચાર ૧૯૧૫માં મુંબાઇમાં મળેલા સમાજ સુધારક સંમેલનના પ્રમુખપદેથી જાહેર કર્યો અને ૧૯૧૬ માં એ સંસ્થા સ્થપાઈ. પણ ત્યાં સુધી ખુદ કર્વેને ખબર ન હતી કે આ વૃત્તાંતની નકલ મોકલનાર શિવપ્રસાદ ગુપ્તા જ હતા સર વિઠ્ઠલદાસની ઉદાર સહાય એ સંસ્થાને મળી ત્યાં સુધી ગુપ્તાજીએ સંસ્થાને દર વર્ષે પાંચસો રૂપિયા આપતા રહેતા.

બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયના કામમાં પણ તેઓ મહામના માલવીયજીને મદદરૂપ થતા. કેટલીયે વાર તેઓ પંડિતજી સાથે ભંડોળ ઉઘરાવવા પણ જતા અને ખાનગી મંત્રી તરીકેનું કામ કરતા.

એઓ હિંદી રાષ્ટ્રીય મહાસભાના અંગભૂત અને મહાત્માજીના સિદ્ધાંતોને અનુસરનારા હતા. સબરસ સત્યાગ્રહ અંગે અને ત્યાર પછીની ચળવળોમાં ભાગ લેવાને કારણે તેમને કારાવાસ ભોગવવો પડ્યો હતો. યુક્ત પ્રાંતનાં કેટલાંક પ્રાંતિક રાજકીય સંમેલનોમાં એઓ અધ્યક્ષ બન્યા હતા. સં. ૧૯૯૧ની રાષ્ટ્રીય મહાસભાએ ધારાસભા પ્રવેશની નીતિ અખત્યાર કરી તે કારણે એઓ હિંદી રાષ્ટ્રીય મહાસભાથી અળગા થયા જોકે સ્વરાજ્ય માટેની તેમની ધગશ જરાય ઝંખવાઈ ન હતી.

આવા સંસ્કારી, ઉદાત્ત, રાષ્ટ્રપ્રેમી, સ્વભાષાભિમાની, સાગર શા વિશાળ, પરદુઃખે દુઃખી થનારા, આંગણે આવનારને પ્રેમથી નવડાવનાર, સાચા સાથી, પ્રેરક ને પોષક, આગ્રહી છતાં ય ઊર્મિપ્રધાન શિવપ્રસાદજીની ગુણગાથા જ ગાવી રહી. ગો.

[કાશીથી પ્રગટ થતા 'આજ'નો ૮મી મેએ પ્રકાશિત થયેલ સ્મૃતિ અંક, 'વિશાલ ભારત' તથા 'વીર અર્જુન'ની સહાયથી આ નોંધ તૈયાર થઈ છે. 'આજ'નો ખાસ આભારી છું.]

વર-આજે ધનસુખે મારી આબરૂના કાંકરા કરી નાખ્યા!

વહુ-કેમ? શું કર્યું?

વર-પાંચ માણસની હાજરીમાં એણે મને 'ગધેડો' કહ્યો.

વહુ-મૂર્ખો છે મારો રોયો! કોઈની હાજરીમાં તે એવું કોઇને કહેવાતું હશે? એમ તો હું યે એ વાત આપણે પરણ્યા ત્યારની જાણું છું; પણ જુઓ, મેં મહેં એ વાત આજ સુધી કરી છે કોઇને?

એક: ગાંધીજીનો જન્મ મુંબાઈમાં થયો હોત તો કેવું સારૂં?

બીજો: 'કેમ? એથી શું?

એક: 'કારણકે મેં પરીક્ષાના પેપરમાં એમ લખ્યું છે!'

સિદ્ધિ

મૂળ લેખક **રવીન્દ્રનાથ ઠાકુર**

સ્વર્ગના અધિકાર માટે માણસને કોઇ નડતર ન રહે એ તેનું પણ હતું. એટલે કપરી શોધને અંતે તે અમર થવાનો મંત્ર શીખી લાવ્યો હતો. હવે એકલો વનની અંદર તે મંત્રની સાધના કરતો.

વનને ખૂણે હતી એક કઠિયારી. તે ક્યારેક ક્યારેક ખોળો ભરી તેના માટે ફળ લઇ આવતી, ને પડિયામાં આણતી ઝરણાનું જળ.

ધીરેધીરે તપ એવું તો કઠોર થયું કે હવે તે ફળને અડતો નહિ; પંખી આવીને ખોતરી ખાતાં.

બીજા થોડાક દિવસ વીત્યા. હવે ઝરણાનું જળ પડિયામાં જ સુકાઇ જાય છે; મુખે પહોંચતું જ નથી.

કઠિયારી વિચારતી, 'હવે તે મારે કરવું શું? મારી સેવા તો એળે જાય છે.'

પછીથી ફૂલો વીણીને તે તપસ્વીનાં ચરણોમાં રાખી જતી તપસ્વી જાણતો ય નહિ.

ભર બપોરે ઘામ જ્યારે ધખતો, તે છેડો ધરી છાંયો કરી ઊભી રહેતી. પણ તપસ્વીને વળી છાંયો શો?

અંધારિયાની રાતે અંધારૂં જ્યારે ગાઢ બનતું, કઠિયારી ત્યારે ત્યાં જાગતી બેસી રહેતી. તપસ્વીને ભયનું કોઈ કારણ નહોતું તો ય તે પહેરો ભરતી.

૨

એક દિવસ એવું થયું કે જ્યારે એ કઠિયારી મળી ત્યારે એ નવા તપસ્વીએ સ્નેહપૂર્વક પૂછ્યું, 'કેમ છો?'

કઠિયારી કહે, 'મારે વળી સારૂં શું ને નરસું શું? પણ તમારી ભાળ રાખનાર કોઈ છે કે નહિ? તમારી મા? તમારી બેન?'

તે કહે, 'છે તો બધાંય; પણ ભાળ રાખ્યે શું? તેઓ શું મને કાયમ જીવતો રાખી શકે?'

કઠિયારી કહે, 'પ્રાણ રહેતો નથી એમ છે તો ય પ્રાણ માટે આટલું કષ્ટ?'

તપસ્વી કહે, 'હું ખોળું છું કાયમ જીવવાનો રસ્તો. માણસને હું અમર બનાવીશ.'

આમ બોલીને એ કેટલુંય બોલી જતો, એકલો પોતાની સાથે જ વાત કરતો હોય તેમ. એ વાતનો અર્થ કોણ સમજે?

કઠિયારી સમજતી નહિ, પણ આકાશમાં નવમેઘની ગર્જનાથી મયૂરીને જેમ થાય, તેમ જ તેનું મન વ્યાકુળ થઈ ઊઠતું.

બીજા કેટલાક દિવસો વીત્યા. તપસ્વી મૌન થઈ ગયો; સ્ત્રી સાથે કૈં વાત કરતો નહિ.

ત્યાર પછી વળી કેટલાક દિવસો વીત્યા. તપસ્વીની આંખો બીડાતી ગઈ; સ્ત્રી તરફ તે જોતો નહિ.

સ્ત્રીને મનમાં થયું કે પોતાની ને તપસ્વીની વચ્ચે જાણે તપનું લાખો યોજનનું અંતર છે હજારહજાર વર્ષ જાય તો ય એ અંતરાય પાર કરી જરા પાસે આવવાની આશા નથી.

આશા તો ભલેને રહી નહોતી, તો ય એને રડવું આવતું. મનમાં મનમાં કહેતી, 'દિવસમાં એક વાર જો એમ કહે, કેમ છો? તો પછી એ વાતમાં જ દિવસ નીકળી જાય. એક વાર જો જરા ફળ અને જળ ચાખે તો અન્નજળ એને મુખે ય રૂચે.

૩

આ બાજુ ઇન્દ્રલોકમાં ખબર પહોંચ્યા કે માણસ મૃત્યુલોકને ઓળંગી સ્વર્ગ મેળવવા માગે છે. આવી બધી સ્પર્ધા!

ઈન્દ્રે પ્રગટ રૂપે ગુસ્સો બતાવ્યો, પણ અંદર અંદર બીક લાગી, 'દૈત્યો સ્વર્ગ જીતવા માગતા હતા બાહુબળથી. તેઓ સાથે લડાઇ થઈ હતી. માણસ સ્વર્ગ માગે છે દુઃખના બળથી. તેની પાસે શું હાર માનવી પડશે?'

મહેન્દ્રે મેનકાને કહ્યું, 'જાઓ, તપોભંગ કરી આવો.'

મેનકાએ કહ્યું, 'સુરરાજ, સ્વર્ગના અસ્ત્રથી મૃત્યુલોકનો માનવી જો હારી જાય તો તેમાં સ્વર્ગની જ હાર છે. માનવીનું મરણબાણ શું માનવીના હાથમાં નથી?'

ઈન્દ્ર કહે, 'એ વાત સાચી.'

૪

ફાગણ મહિનામાં દક્ષિણના પવનનો ઝોક લાગતાં જ મર્મરિત માધવીલતા પ્રફુલ્લ થઈ ઊઠતી. તેમ જ એ કઠિયારી પર એક દિવસ નંદનવનની હવા આવી લાગી અને તેનાં દેહ-મન કોઇ એક ઉત્સુક માધુર્યના ઝબકારાથી વ્યથિત થઈ ઊઠ્યાં. તેના મનના વિચાર મધપૂડો છોડી જતી મધમાખો જેમ ઊડવા લાગ્યા. ક્યાંકથી તેમને મધુગંધ આવતી હતી.

બરાબર એ જ વખતે સાધનાનો એક ભાગ પૂરો થયો. આ વખતે તપસ્વીને હવે કોઈ નિર્જન ગિરિગુફામાં જવાનું હતું. એટલે તેણે આંખો ખોલી.

સામે જોયું તો પેલી કઠિયારીએ અંબોડામાં ખોસી છે અશોકની એક મંજરી, અને તેનાં વસ્ત્રો છે કેસુડાંથી રંગેલાં. જાણે તે કોઇ એક એવો જાણીતો સુર છે જેનું પદ યાદ આવતું નહિ. જાણે તે કોઈ એવી એક છબી છે જે કેવળ રેખાઓથી તાણી હોય;—માત્ર ચિત્રકારે કોઈ ખ્યાલમાં ક્યાંક એકાદ રંગ લગાવી દીધો હતો.



તપસ્વી આસન છોડી ઊઠ્યો. કહ્યું, 'હું દૂર દેશ જઈશ.'

કઠિયારીએ પૂછ્યું, 'કેમ પ્રભુ?'

તપસ્વીએ કહ્યું, 'તપ સંપૂર્ણ કરવા.'

કઠિયારીએ હાથ જોડી કહ્યું, 'દર્શનના પુણ્યથી મને કાં વંચિત કરો?'

તપસ્વી આસન પર બેઠો, કેટલી યે વાર વિચાર્યું. બીજું કૈં બોલ્યો નહિ.

૫

તેની માગણી જેવી સ્વીકારવામાં આવી તેવું જ તે સ્ત્રીની છાતીમાં આરપાર શૂળ વીંધાવા લાગ્યું.

તેણે વિચાર કર્યો, 'હું તો ખૂબ સાધારણ છું; તો ય મારી વાતથી શું હરકત આવશે?'

તે રાતે પાંદડાંની પથારી પર તે એકલી જાગતી બેઠી. તેને પોતાને પોતાનો જ ભય લાગવા માંડ્યાં.

ત્યાર પછી બીજે દિવસે સવારે તે ફળ લાવી ઊભી રહી. તપસ્વીએ તે હાથમાં લઈ લીધાં. પડિયામાં જળ લાવી દેતાં તપસ્વીએ પાણી પીધું. સુખથી તેનું મન ભરપૂર બન્યું.

પણ ત્યાર પછી નદીને કાંઠે શિરીષ વૃક્ષની છાયામાં તેની આંખોમાં પાણી સમાતાં નહોતાં. કોણ જાણે શું વિચારતી!

બીજે દિવસે સવારે કઠિયારી તપસ્વીને પ્રણામ કરી બોલી, 'પ્રભુ, આશીર્વાદ માગું છું.'

તપસ્વીએ પૂછ્યું, 'કેમ?'

સ્ત્રી કહે, 'હું જ દૂર દેશ જઈશ.'

તપસ્વીએ કહ્યું, 'જાઓ, તારી સાધના સિદ્ધ થાઓ.'

૬

છેવટ તપસ્યા પૂરી થવાનો દિવસ આવ્યો.

ઇન્દ્રે આવી કહ્યું, 'સ્વર્ગનો અધિકાર તમે મેળવ્યો છે.'

તપસ્વીએ કહ્યું, 'તો પછી સ્વર્ગની હવે જરૂર નથી.'

ઈન્દ્રે પૂછ્યું, 'શું જોઇએ?'

તપસ્વીએ કહ્યું, 'પેલી વનની કઠિયારી.'

વિનોદ કોઠારી

('લિપિકા'માંના મૂળ બંગાળીનો અનુવાદ)

ઢંડી તાકાતની એક વાર્તા

હાગામુચી

દરિયા પાસે આવેલી એક ટેકરી પર એક નાનું જાપાની ગામડું વસેલું હતું. શિયાળો ઊતરવા આવ્યો હતો. ખેતરો મોલથી લચી રહ્યાં હતાં અને બપોરના હળવા સોનેરી તડકે પાક સિઝાઇ રહ્યો હતો.

ટેકરીની તળેટીમાં બરાબર દરિયાકિનારે એક ગામ હતું. એક દિવસ એ ગામમાં મેળો ભરાવાનો હતો ગામનાં સૌ લોકો–નાનાં ને મોટાં, છોકરાઓ ને છોકરીઓ, સ્ત્રીઓ અને પુરુષો, કીડીની સેરોની સેરો પેઠે મેળામાં વહે જાય છે. વરસે એકવાર ભરાતા મેળામાં જવાની કોને હોંસ ન થાય? માત્ર થોડા વૃદ્ધો ગામડામાં ખેતર સાચવવા રહ્યા છે.

ગામડાને છેક છેવાડે, ટેકરીની કિનાર પર આવેલા ઝૂંપડામાં વૃદ્ધ હાગામુચી પોતાના પૌત્રને એડોએડો રમાડે છે ને નીચે તળેટી-માંથી આવતા જુવાનોનાં ગીતના સૂરો સાંભળતો દૂરદૂર દરિયા પર દૃષ્ટિ ઠેરવી રહ્યો છે.

નીચે તળેટીમાં ભરાએલા મેળામાં રંગની રમઝટ જામતી જાય છે અને ગીતના સૂરો ગાઢા બનતા જાય છે. અહીં ડોસાને એનો પૌત્ર અનેક અટપટા ને કાલાકાલા સવાલો પૂછે છે. પણ ડોસાનું ધ્યાન એ સવાલો પર નથી. સવાલોના જવાબમાં તે માત્ર હોંકારો દીધે જાય છે. પણ એની નજર તો તીણી બનીને દૂર દરિયા પર જડાઇ રહી છે.

એવામાં દરિયાનાં પાણી જાણે ઊતરીને ઘણાં દૂર પાછાં હઠી ગયાં હોય એમ એને દેખાયું, ને એકાએક જ્યાં પહેલાં પાણી હતાં ત્યાં રેતી દેખાઇ! પાણી ખૂબદૂર પાછાં ચાલ્યાં ગયાં હતાં. એ જોઇને તરત એ ઊભો થઇ ગયો. એના સ્મૃતિપટ પર ભૂતકાળનું દૃશ્ય ખડું થયું.

ઘણાં વરસ પહેલાં, પાસે બેઠેલા છોકરા જેટલી જ પોતાની ઉંમર હતી ત્યારે, આવી જ રીતે દરિયાનાં પાણી ઊતરી ગયાં હતાં, અને રેતીનો કિનારો દેખાઇ આવ્યો હતો. તે પછી થોડા જ વખતમાં એકાએક દરિયાનાં મોટાં મોજાં ધસી આવ્યાં હતાં અને બધે જળ-બંબાકાર થઈ ગયું હતું. પરિણામે તળેટીમાં આવેલાં ગામોનો અને તેમાં રહેતાં મનુષ્યો-નો સર્વનાશ થયો હતો.

હાગામુચીની દૃષ્ટિસમીપ, ઘણાં વર્ષો પર બની ગએલી આફતનો આખો ચિતાર ખડો થઇ ગયો ને એનું પરિણામ નજર આગળ આવતાં આ પ્રસંગની ભયાનકતા તેને સમજાઈ. જળપ્રલયની કલ્પનાથી જ તેને શરીરે કમકમાટી આવી ગઇ. પ્રસંગ પારખીને વધુ વિચાર કરવા નહિ થોભતાં તે સચેત થઇ ગયો અને દૂરની ક્ષિતિજ પર નજર ઠેરવી જોયું તો પાણીમાં મોટો ખળભળાટ થતો જણાયો.

થોડી જ વાર જો આમને આમ વીતી જાય તો નીચે તળેટીમાંનો માનવસમુદાય ઘડીમાં હતો ન હતો થઇ જાય! એમને ઉપર આવવા ચેતવવા એણે જોરથી બૂમો પાડવા માંડી, પણ તેના ક્ષીણ અવાજનું કેટલું જોર?

હવે શું કરવું? નીચેથી બધો સમુદાય ઉપર ચાલ્યો આવે એ માટે શું કરવું? હાંફળો-ફાંફળો તે આમતેમ દોડતો ઘરના પાછલા ભાગમાં ગયો. ત્યાં તેણે ચૂલામાં લાકડાં બળતાં જોયાં. અને તેને એક વિચાર સૂઝી આવ્યો. એક લાકડી લઇ, તેને છેડે થોડાંક ચીંથરાં વીંટી, તેલમાં બોળી, સળગાવીને મશાલ જેવું કર્યું, ને બહાર આવ્યો. પોતાના ખેતરમાં આગ ચાંપવાનો તેનો નિરધાર હતો. પોતે કરેલી આખા વર્ષની મહેનત ઘડીવારમાં બરબાદ થઇ જશે એવો વિચાર તેના મગજમાં ક્ષણિક રમી ગયો; પણ હવે વિચારવાનો પણ સમય ક્યાં હતો? એક બાજુ પોતાના કુટુંબનું જીવન હતું, બીજી બાજુ હજારો આત્માનો ઉગાર હતો. તેણે ઝાઝો વિચાર ન કરતાં ખેતરના એક છેડેથી આગ ચાંપી ને આગળપાછળ બધે ફરી આખું ખેતર સળગાવી મૂક્યું. પાકનાં ખખડી રહેલાં સૂકાં પાન ને ઠૂંડાં ભડભડ સળગી ઊઠ્યાં.

તળેટીમાંથી કોઈ ખેતરને બળતું જોઇ, આગ માની, સૌને ઉપર મદદ કરવા તેડી લાવશે એવી તેની મુરાદ હતી. ઘડીમાં તે તળેટીમાં તો ઘડીમાં દરિયાના ક્ષિતિજ પરથી ધસી આવતાં રાક્ષસી મોજાં તરફ નજર ફેરવ્યા જ કરતો. વિકરાળ મોજાં તો ધસ્યે જ આવતાં હતાં, પણ હજી તળેટીમાંથી કોઇની નજર ઉપર ઊડતી નથી લાગતી. સૌ નિરાંતથી રંગરાગમાં મસ્ત છે અને તેમનાં ગીતના સૂર વધુ ગાઢા બનતા જાય છે.

ડોસો લાચાર બની ગયો. પણ એમ તે હિંમત હારે તેમ ન હતો. ખેતર કરતાં વધુ ઊંચું પોતાનું ઝૂંપડું સળગે તો તેની ઝાળ વધારે ઊંચે જાય અને નીચેથી કોઇક તો જરૂર જુએ એમ તેણે વિચાર્યું. અને લાગલી જ બીજી મશાલ સળગાવીને પરાળ અને લાકડા-ના બનાવેલા પોતાના ઝૂંપડાના છાપરાને તે ચાંપી. છાપરું સળગ્યું અને ધીમેધીમે ઝૂંપડું પણ બળવા માંડ્યું. મોટી ભભૂકતી જ્વાળાઓ નીકળવા માંડી. છોકરો તો ડોસા સામે જોઇને આશ્ચર્યમૂઢ થઇ જોઈ જ રહ્યો.

એટલામાં નીચે શહેરમાં ઘંટ વાગતો તેણે સાંભળ્યો. જ્યારે કોઈ મોટી આગ લાગતી ત્યારે આ ઘંટ વગાડવામાં આવતો. નીચેથી કોઇએ અંતે ડોસાનું બેની ગએલું ઘર જોઇને સૌને તેની મદદે દોડવા બૂમો પાડવા માંડી હતી. ગીત એકાએક થંભી ગયાં અને સૌ માનવીઓ ટેકરી પર બળતું ઘર બુઝાવવા દોડવા લાગ્યા. તરત જ ડોસો ટેકરીને કિનારે જઈ હાથ વડે સૌને ઉપર આવવા ઈશારત કરતો બૂમો પાડવા લાગ્યો.

જ્યારે સૌ ગામ છોડી, ઉપર ટેકરી પર દોડી આવ્યાં ત્યારે તેમણે નીચે સુધી, પોતાની પાછળ આવી પહોંચેલાં મોજાંની ગર્જના સાંભળી. નીચે જોયું તો એ પ્રલયના ખતરનાક આક્રમણથી ગામ આખાનાં ઘરો એક પછી એક ભાંગી જતાં જોયાં પોતે હમણાં જ્યાં કલ્લોલી રહ્યાં હતાં ત્યાં અને આસપાસ કેટલા યે માઇલો સુધી પાણી ફરી વળ્યું અને કેટલાં યે ગામો અને ખેતરો પાણી નીચે અદૃશ્ય થઈ નાશ પામ્યાં. હાગામુચીએ પોતાનું ઝૂંપડું અને ખેતર કેમ બાળી મૂક્યાં તે હવે તેમને સમજાયું.

લોકોએ આ ઉપકારના બદલામાં હાગામુ-ચીની એક મૂર્તિ બનાવડાવી મંદિરમાં મુકાવી.


જ્યારેજ્યારે આ મેળાનો દિવસ આવે છે ત્યારેત્યારે જાપાનનાં કુમાર-કુમારીઓને તેમનાં માબાપ કે દાદાદાદી એ વૃદ્ધ વીર હાગામુચીની વાત સંભળાવે છે. **'તક્ષક'**

કસોટી

નીચેનાં પ્રશ્નોના ઉત્તરો પૃ.૧૫૫ ઉપર છે; પણ તે જોતાં પહેલાં આપમેળે તમે કેટલા સાચા શોધી શકો છો તે ચકાસી જુઓ.

(૧) એક માણસને નવ છોકરા હતા. અને તેની પાસે ૮૧ મોતી હતાં. મોતીની કિંમત એવી રીતની હતી કે પહેલા મોતીની એક રૂપિયો, બીજાની બે, ત્રીજાની ત્રણ,–એમ ચડતી ચડતી ૮૧મા મોતીની ૮૧ રૂપિયા હતી. તે માણસ પોતાના દરેક છોકરાને નવ નવ મોતી એવી રીતે વહેંચવા ઇચ્છે છે કે દરેક છોકરાનો ભાગ એકસરખી કિંમતનો બની રહે. તો એ મોતી કેમ વહેંચવાં?

(૨) નીચે જેના અર્થ આપ્યા છે એ બધા મૂળ શબ્દોના છેલ્લા અક્ષરો 'રદ' આવે છે. તમે એ શોધી શકશો? પીળું, યશ, વીર, એક ઋતુ, ચૂળ, જોટમાંનું એક, પીડા, કૃપાળુ.



(૪) બાર આંબા રોપેલી આ જમીનના એવા ચાર સરખા ભાગ પાડો કે જેથી દરેક ભાગ-માં ત્રણત્રણ આંબા આવે.

મ રાજપીપળાના ભીલોમાં

મનુષ્યગાયનવિદ્યાની દૃષ્ટિએ રાજપીપળાના ભીલોનો અભ્યાસ કરવા, ગયા ડીસેમ્બરમાં ગુજરાત સંશોધન મંડળ' તરફથી શ્રી પોપટલાલ શાહ અને પ્રો. ડી. એન. મજુમદાર ગએલા, તેમના સાથમાં જતાં ભીલોનાં જીવન અને સંસ્કૃતિ વિષે જે છાપ પડી તે અહીં ઉતારી છે.

રાજપીપળાનું રાજ્ય બે ભાગમાં વહેંચાઇ ગયું છે: સપાટ ખેતરો, વચ્ચેથી દોડી જતી બે નાની રેલવે-લાઇનો અને સભ્ય વસ્તી—એક આવો પ્રદેશ, જે રાસ્તી કહેવાય છે. ઊંચા ઊંચા ડુંગરો, ગીચ એવાં જંગલો, વિન્ધ્યપાદે વિશીર્ણ થતી રેવા અને સુરપાણ મોખડીના ધોધવાળો બીજો પ્રદેશ, જે 'રાની' કહેવાય છે. ભીલોની વસતિ આ રાની વિભાગમાં જ મુખ્યત્વે કરીને હોય છે તેમાં પણ તેઓ બહુ જ છુટાછુટા વસે છે. એક જગ્યાએ પાંચ ગામ; તો વીસત્રીસ માઈલ છેટે બીજાં ચારપાંચ ગામ. અને ભીલોનાં ગામ એટલે થોડાં વેરવિખેર ઝૂંપડાં; બેચાર દયામણાં ખેતરો અને થોડાં ગાયબળદ!

રાજપીપળાનાં આવાં બેચાર ગામોમાં અમે ફર્યા. શરૂઆત સુરપાણથી કરી. સુરપાણનો ધોધ તો પ્રખ્યાત છે. ત્યાં પહોંચવું ઘણું મુશ્કેલ છે. માત્ર ચાણોદથી નર્મદાને સામે પ્રવાહે હોડીમાં પાંચ-છ દિવસે પહોંચાય છે. પણ રાજ્યના અત્યારના ફૉરેસ્ટ ઑફિસરે આ સ્થાનની અગત્ય જોઈ, અને સાથેસાથે જંગલની પેદાશની નિકાસ પણ થાય એ ખાતર અમણે સૂકી ઋતુઓમાં મોટર ચાલી શકે એવો લગભગ ૫૦ માઈલનો રસ્તો બનાવડાવ્યો છે. એનો સર્પાકાર વળાંકો, ઘનઘોર જંગલો, અને બાજુમાં જ નિ:સ્નેહ પત્થરોની વચ્ચેથી વહી જતી તનુપ્રવાહ નર્મદા,—બધું આકર્ષક લાગે છે.


રસ્તામાં રામપુર કરીને થાણું આવતું હતું. ત્યાં ખેરની નિપજ સારી છે. એનો ઔદ્યોગિક વપરાશ શરૂ કરવા રાજ્ય ત્યાં કાથાનું એક કારખાનું કાઢવાનું છે. અમે ગયા ત્યારે ઉત્તર હિંદના એક રસાયણી શ્રી કૌલ, ચરસાધનો વડે નાના પાયા ઉપર તેના પ્રયોગો કરતા હતા. ખેરના લાકડાના નાનાનાના ટુકડાને અમુક વખત પાણીમાં ઉકાળ્યા પછી એ પાણીને ઘટ્ટ કપડામાંથી નીતરવા દે છે જે પ્રવાહી નીચે ટપકી રહે છે તે ટૅનિન; અને કપડા ઉપર કાદવ જેવો ઇપત્-પ્રવાહી જે પદાર્થ રહે તે કાથો. તેના પછી નાના નાના ટુકડા કરી સુકવાય છે. શ્રી કૌલના અભિપ્રાયે ત્યાં કારખાનું ઠીક નભી શકે તેમ છે. કાથો ખાવામાં જાય અને ટૅનિન લડાઈના તંબૂઓ રંગવામાં કામ આવે. ટૅનિને રંગવાથી તંબૂઓ જમીન જેવા રંગના જ બની રહે છે.

ત્યાંથી સુરપાણ જતાં રસ્તામાં હરણફાળ આવ્યું. રેવા અહીં એટલી સાંકડી છે કે હરણ એક્કે કુદકે પાર જઇ શકે છે અહીં જ મોખડીનો વિખ્યાત ધોધ છે. એની ઊંચાઇ તો વધુ નથી; પણ તજ્જ્ઞોનો મત છે કે એના બળનો લાભ લઇને વીજળી ઉત્પન્ન કરવાની સરસ હાઇડ્રો-ઇલેકટ્રિક સ્કીમ તો થઇ શકે. નીરવ જંગલમાં, સ્વસ્તિનાં સંધવચનો શો એનો અનવરત અવાજ ઘણો પ્રિય થઈ પડે છે. અહીંથી સુરપાણ આઘુ નથી. ત્યાં નદીના ઉપલાણે ભીલો થાય એવી ખેતી કરે છે. ચૈત્ર મહીનામાં અહીં જાત્રા ભરાય છે જેમાં ભીલ લોકોની ખૂબ આસ્થા છે. અહીંનાં દેવળ વગેરે ઐતિહાસિક દૃષ્ટિએ મહત્વનાં છે.

બીજે દિવસે અમે રતનપુર ગયા. અહીં 'ધાનકા' કરીને ભીલોની જ એક શાખા ગણાતી જાત રહે છે. જોકે તેઓ પોતાને ભીલોથી ઊંચા માને છે. વેશભૂષા અને ભાષા પરથી તેઓ સભ્ય-જગતના સંસર્ગમાં આવ્યા હોવાનું જણાયા વગર રહેતું નથી. એમાંથી ત્રીસેક જણનાં માથાનાં, નાકનાં અને મોંનાં માપ ડૉ. મજુમદારે લીધાં. પછી લોહીની વર્ગણી માટે તેમનું લોહી લેવાનું આવ્યું ત્યારે ગમ્મત થઈ! લશ્કરમાં લઈ જવાના હશે? ગમે તેવી દવા આપતા હશે? એવી એવી આશંકાથી તેઓ ગભરાયા! પણ ફૉરેસ્ટ-ઑફિસર શ્રી. ભાટેએ તેમને સમજાવ્યા. 'તમને મેલેરીઆનો તાવ આવે છે તે માટે મહારાજા સાહેબે દવા લઇને ડાક્તર મોકલ્યા છે' એમ એમને ફોસલાવ્યા, ત્યારે મુસીબતે તેઓ લોહી કઢાવવા આવ્યા. લગભગ ૨૬ જણનાં લોહી લઈ રાત્રે એની વર્ગણી કરી.

રતનપુર પાસે અકીકની પુરાણી ખાણો છે, જ્યાંનો અકીક ખોદીને ખંભાત લઈ જઈ ત્યાંના કારીગરો એમાંથી બટન વગેરે બનાવે છે. અહીં બીજી પણ ઘણી ધાતુઓની શક્યતા છે. એની તપાસ માટે દાલમીઆની જાણીતી કંપની તરફથી એક ભૂગર્ભશાસ્ત્રી પણ અમે જોવા ગયા તે જ વખતે આવ્યા હતા. અકીકના પત્થરોની ખાણ બહુ ઊંડી નથી હોતી; ઉપરઉપરથી જ વીણી લેવાના હોય છે.

ત્યાંથી થોડે દૂર 'ગોર બાબા'નું દેવસ્થાન છે જેને ભીલ, હિન્દુ અને મુસલમાન બધા જ ખૂબ માને છે. ત્યાં પહોંચવાને રસ્તો



કોઈ પ્રાચીન સમૃદ્ધ હિંદુ દેવળના સ્તંભો, મૂર્તિઓ વગેરેથી બનાવાયો છે. આજે યે બારણાંની કમાનો, પત્થરમાં કોતરેલાં કમળો કે ઝીણીઝીણી જાળીઓ આપણા પગ તળે કચરાતી રહે છે. રતનપુરથી અમે ઝગડીઆ ગયા. ત્યાંનું જૈન મંદિર જોયું. એમાંની મૂર્તિ જૂની છે; પણ મંદિરના શણગાર-આયોજનમાં કલા નથી, કુમાશ પણ નથી.

અહીં એક મુખ્ય વસ્તુ જોવાની રહી ગઈ. રાજ્યના પુરાતત્ત્વ-અધિકારી શ્રી અમૃતલાલ પંડ્યાએ બાજુમાં જ નર્મદાની ખીણમાંથી કેટલીક પાષાણયુગી જગ્યાઓ શોધી છે, જેમાંથી તે કાળનાં પત્થરનાં હથિયારો વગેરે તેઓ ભેગાં કરી રહ્યા છે. આ હથિયારો વગેરેનું વર્ગીકરણ ગુજરાતના અતિ પ્રાચીન ઇતિહાસ ઉપર ઘણો જ પ્રકાશ ફેંકી શકશે.

બીજે દિવસે ઢેડીઆ-પાડા ગામે ગયા. ત્યાં શ્રી ભાટેએ અગાઉથી કહેવડાવ્યા મુજબ આજુબાજુથી બસોક ભીલો બોલાવી રાખેલા. ડૉ મજુમદારને અહીં ખૂબ કામ મળ્યું. શ્રી પોપટલાલ શાહને પણ ભીલોનાં જીવન ને સંસ્કૃતિ વિષે પુષ્કળ માહિતી મળી.

ત્યાંથી પછી ત્રીસ માઈલ દૂર, પર્વતોથી ઘેરાએલા અને રાજ્યના છેલ્લા થાણા માલસામોટ ગયા. રાત્રે લગભગ આઠેક વાગ્યે ત્યાં પહોંચ્યા. અહીં પણ પહેલેથી જ બધી ગોઠવણ થઈ હતી. વડની ઘાટી છાયા નીચે ઊભાં કરેલાં પાંચ છ ઝૂંપડાં અને બાજુમાં બધો અસબાબ! મહીના સુધી જાણે રહેવાનું મન થાય એવી જગ્યા બનાવી હતી.

ભીલો અને ભીલડીઓ પણ આવી પહોચ્યાં હતાં. એઓ ખૂબ આનંદમાં હતાં અને બનીઠનીને નૃત્યસંગીતનો સાજ લઇને આવ્યાં હતાં. શિશિરની તારાભરી રાત; લાકડાંની તાપણી અને તેની આજુબાજુ બેઠેલા અમે તથા ભીલોના 'ડાયા'ઓ—વૃદ્ધપુરુષો. પાછળ નૃત્યની તૈયારીઓ ચાલે છે, ઢક્કા ગણાય છે, તબલે તાલ દેવાય છે અને એકાદ જુવાન ભીલ તેની નવી પરણેતરના કાનમાં કયું ગીત ગાવું એ ગણગણે છે. ગુંજન સ્પષ્ટ બને છે: 'અ–ઓ–આમલી તળે સોના દીવો બળે!'

નાચ શરૂ થાય છે. સો-પચાસ ભીલભીલડીઓનું એ સમૂહનૃત્ય હતું નૃત્યમાં તાલબદ્ધતા ને સંવાદિતા પુષ્કળ હતાં, પણ એમાં દુબળા લોકોના નાચ જેવી ઉદ્દંડતા કે મારીઆ લોકોનાં નૃત્ય જેવી ભભક નહિ. આ નૃત્ય તો મેદાનની રેવા જેવું, ધીમું પણ સુલલિત.

જુવાનિયાઓએ નાચ્યા કર્યું, 'ડાયા'-ઓએ અમારી જોડે ખૂબ વાતો કરી; અને આવાઆવા સવાલો શા માટે પૂછતા હશે એ વિષે અચંબો પણ પામ્યા. સમશુ એ લોકોનો વસાવો. એણે ધીરજ રાખીને ખૂબ વાતો કરી. સપ્તર્ષિએ હવે વળાંક લીધો, અનુરાધા પણ ઉપર સુધી આવી ગઈ, એટલે બધાંએ સૂવાની જગ્યા શોધવા માંડી. થોડી વારમાં શીતળ હવામાં આનંદનાં સ્વપ્નો ભળી ગયાં.

સવારે ધમધોકાર કામ ચાલ્યું. બપોરના ત્રણ સુધી ડૉ. મજુમદારે માપ લીધા કર્યા. અમે એમને મદદ કરતા રહ્યા. બધાં માપોમાંથી લોહીની વર્ગણીનાં માપ, આ વિષયમાં સૌને રસ પેદા થાય એટલા માટે નીચે આપ્યાં છે. અમે રતનપુરમાં ૨૬, ઢેઢીઆપાડામાં ૬૦ ને માલસામોટમાં ૭૦ ભીલોનાં લોહી લઈ એની વર્ગણી કરી હતી. A, B, અને O વર્ગમાં એમના ટકા આ મુજબ હતા:

વર્ગ	રતનપુર	ઢેઢીઆ-પાડા	માલ-સામોટ	સરેરાશ
A	૩૦·૮	૨૨·૦	૨૪·૩	૨૫·૭
B	૨૬·૯	૩૦·૦	૩૧·૪	૨૯·૪
O	૩૭·૮	૩૬·૦	૩૪·૧	૩૬·૦

માણસજાતમાં મુખ્યત્વે ત્રણ વર્ગનાં લોહી હોય છે: A, B અને O. જુદીજુદી જાતોમાં એની વહેંચણીજુદાજુદા પ્રમાણમાં હોય છે. આદિ જાતોમાં A અને B હોતાં નથી, પણ Oનું પ્રમાણ વધુ હોય છે. ઉપરના કોઠા દર્શાવે છે કે ભીલોમાં A અને B કરતાં O વધારે હોય છે, જે એમને આદિ જાત તરીકે બતાવે છે. પણ આને સત્ય તરીકે સાબિત કરવાને ચહેરા વગેરેનાં બીજાં માપોનું પૃથક્કરણ અને ભીલી સંસ્કાર-રિવાજોનો તુલનાત્મક અભ્યાસ પણ જરૂરી છે.

સાંજે એમનાં ઝૂપડાં જોયાં. ઝૂપડાં એ લોકો કામઠાંનાં બનાવે છે. વચ્ચે એક જ બારણું; અંદર માણસો ને ઢોર સાથે રહે. અસબાબમાં ખાનદેશી ખેડાં, ધંટી અને થોડાં થોડાં કપડાં; ક્યાંક ભોંય ઉપર સુકાતી મકાઇ અને ક્યાંક ચીતરેલા સાથિયા-ચીતરામણ, જે જોતાં એમની કલાપ્રિયતાનો પણ ખ્યાલ આવે ખરો. એક માલદાર ડાયાના ઝૂંપડામાં એની દીકરી અને તેનું નાનું બાળક હતાં. છોકરીએ હાથે અને કાને કથીરનાં અને રૂપાનાં ઘરેણાં પહેર્યાં હતાં. એના ગળામાં હિંદુ સ્ત્રીઓને હોય છે એવી સુહાગમાળા હતી. સાથે જ ખોટાં મોતીની પણ સરસ રીતે ગૂંથેલી બીજી પણ એક માળા હતી. એમને યે નકશી, ઝીણવટ, કલા ખૂબ ગમે છે.

જોડે એના જમાઈનું ઝૂંપડું હતું ભીલોમાં જમાઈ પાસેથી પરણતી વખતે પૈસા લેવાનો રિવાજ છે. પૈસા ન દઇ શકે તો સસરાને ઘેર રહે, એના ખંધાડીઆ તરીકે કામ કરે ને પૈસા વસુલ થાય ત્યાં સુધી ત્યાં જ મુકામ રાખે.

ડોસાનાં આ દીકરી-જમાઈનું સ્નેહલગ્ન હતું. બંને દીવાળીના મેળામાં મળ્યાં હશે. જોતાંવેંત મનોમન મળ્યાં અને પરણી ગયાં. ડોસાએ કહ્યું કે એવાં ઈચ્છાવર વરનારાં અમારામાં ઘણાં. 'ડાયા'ઓ એમાં વાંધો લેતા નથી. છોકરાને અમે પરણાવીએ તે ય એમને પૂછીને. નાનાંનાનાંને અમે પરણાવતા નથી

એની દીકરીને બચ્ચું છે. એના ઉપર વાત નીકળી. બચ્ચું જન્મે તેને બચ્ચું ઉપજ્યું કહેવાય. હિન્દુઓની પેઠે એ લોકો પણ છઠ્ઠે દિવસે નામ પાડે છે; જોકે વિધાતા જેવી કોઇ દેવી પૂજાતી નથી. એમનાં નામો આવાં હોય છે: ખાટીઓ, સુરજ્યો, મુજર્યો, ફુસર્યો, મીમલ્યો, ભામટી, બાટી, બુલા, સુરતા, વરતા.

મુકામે જતાં રસ્તામાંનાં કેટલાં ય ખેતરોમાં ઝાડ નીચે દેવીકૃત પત્થરો જોયા. એક હતા ઘોડા-દેવ'. જે ખેતરમાં દેવનું પ્રતિષ્ઠાન હોય ત્યાં સ્ત્રી-પુરુષો સહ-વાસ કરતાં નથી. દેવને દારૂ, મરઘાં આદિ ચડાવવાં પડે. બીજા 'વાઘ-દેવ'. એની જો પૂજા રહી જાય તો કોઈ માંદુ પડે, અથવા ઢોરને વાઘ ખાઈ જાય કે સાપ પણ કરડી જાય. દેવોને તો રીઝેલા જ રાખવા પડે છે. શીતળા આદિના રોગ વખતે એ લોકો વાઘદેવને બીજે ગામ મૂકી આવે; તે ગામવાળા વળી ત્રીજે ગામ; આમ કરીને મારગમનો રોગ સામોટમાં થઇને દેવમોગરીમાંથી બહાર જાય છે. 'બંદરવો દેવ' ચોમાસાની નવપલ્લવિત વનસ્પતિની પૂજા માગે છે; 'માવલી-દેવ'ને દીવાળીમાં નવાં ધાન્યથી પૂજવા પડે છે; હોળી માતાને પણ માનવી પડે છે.

એમના મહીનાઓ તે તે મહીનાઓના વિશિષ્ટ તહેવાર ઉપરથી અથવા તેનાં વિશેષ લક્ષણ ઉપરથી ઓળખાય છે. એઓ મહીના આમ ગણાવે છે: દાહરૂ, હરકાણી, પોહો, ઉતરાણ, ગીંબ, જેઠ, મામરો વગેરે. મહીના કૃષ્ણપક્ષથી શરૂ થાય છે. અધિક મહીનો નથી અને નવું વર્ષ દશેરા પછી મંડાય છે. દીવાળીમાં માવલી દેવ પૂજાય; હરકાણીમાં મોર્યુંબંટી વહાય; ગીંબમાં ગીંબદેવીની જાત્રા ભરાય, ને જાત્રો મહીનો આવે કે લોકો સુરપાણની જાત્રાએ જાય. એમની હોળી સવારના પહોરમાં સળગે; ને ત્યાં આગળ એઓ પાંચ-પાંચ દિવસ સુધી નાચે. પાંચમ વાળ્યા પછી જ એમનો આનંદ પ્રવૃત્તિમાં પલટી જાય.

ભીલ લોકોની મોટી બદી દારૂ છે. નાની સરખી આવક છતાં યે એ લોકો દારૂ પીવાના. તેમાં એ લોકો પાયમાલ થઇ જાય છે. રાજ્યને દારૂમાંથી જબરી આવક થાય છે એટલે એ પણ દારૂબંધી માટે ઉત્સાહ રાખતું નથી. દારૂ ભીલોના રિવાજોના એક અભંગ અંગ તરીકે વણાઈ ગયો છે. જન્મે ત્યારે દારૂ, પરણે ત્યારે દારૂ અને મરે ત્યારે ય દારૂ!! એમની દરેકે દરેક ક્રિયામાં દારૂ વપરાવાનો જ.

એમની વાતચીત કરવાની રીત ઘણી શાણી હતી. સમશુ બુદ્ધિમાન લાગતો હતો. મરાઠી-ભાષી પ્રદેશની અહીં હદ હોવાથી એની વાતમાં મરાઠી પ્રયોગો ઘણા હતા. એમની ભીલી ભાષા તો ગુજરાતી જેવી જ; જોકે નવાસવાને એ ન સમજાય. એક નવાઈની વાત એ હતી કે એ લોકો 'અ'નો ઉચ્ચાર બંગાળીઓ પેઠે 'ઑ' કરતા હતા જેમકે, કોઈ મરી જાય ને 'બારમું કરવું પડે' એમ કહેવું હોય તો કહેશે, 'બારમું કૉરવાન પૉડે.' આની પાછળ કાંઇ વૈજ્ઞાનિક-ઐતિહાસિક કારણ હશે ?

અહીં ભીલોના જીવનની પૂરી ઝાંખી યે કરાવવામાં આવી નથી. એના ઉપર તો ગ્રંથો તૈયાર થાય એટલી વિવિધ ને રસપ્રદ એમની જિંદગી હોય છે. ભીલજીવનના સામાજિક અને આર્થિક પ્રશ્નો પણ ઘણી શોધ અને ઘણા ખંતની અપેક્ષા રાખે છે. એમના જીવનનો સર્વસ્પર્શી અભ્યાસ થવાની બહુ જરૂર છે.


ઠાકોરલાલ ભાણાભાઈ નાયક

આવતી કાલની પ્રજા માટે આવતી કાલનો પ્રશ્ન

આ વીસમા સદીના બીજા અર્ધ સૈકામાં—આવતાં પચાસ વરસમાં—દુનિયામાં બે મહાન પ્રશ્નો હશે, જેમાં તમારે ભાગ લેવાનો આવશે. એક હશે: શ્વેત વર્ચસ્વમાંથી એશિયાની અને સાંસ્થાનિક દેશો (જેમાં હિંદ પણ આવી જાય)ની મુક્તિ: અને બીજો પ્રશ્ન હશે; હિટલરી કે સ્ટેલિનશાહી સામે-કોઈ પણ જાતની સરમુખત્યારી સામે-વ્યક્તિની આઝાદીનો, રાજદ્વારી અને સામાજિક લોકશાસનનો પ્રશ્ન. આ બંને મહાકાર્યોમાં આપણા મહાન નેતા મહાત્મા ગાંધીજીએ ઘણો ફાળો આપ્યો છે. તમે ચાહો તો એ ઉજ્જ્વળ વારસો મેળવી શકો ને એમના 'મિશન'ને આગળ ધપાવી શકો. —એમ. આર મસાણી (નવસૌરાષ્ટ્ર)

ફળો

સ્વાદમધુર અને દર્શનરમ્ય એવી કુદરતની બક્ષિશ



ફળોની મિષ્ટતા અજબ છે. એની ખુશબો આપણા જ્ઞાનતંતુઓને અજબ શાંતિ અર્પે છે. ફળનો મિષ્ટ રસ આરોગતાં શરીરની સર્વ ધાતુઓને અવર્ણનીય શાંતિ મળે છે ને એ રસ આપણાં મોંમાં લાલાસ્રાવ વધારે છે. પરિણામે પાચક રસોનો સ્રાવ વધે છે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે અને સકલ શરીરયંત્ર નૂતન તાઝગી અનુભવે છે. જેટલી સહેલાઈથી ફળો શરીરમાં પચી જાય છે તેટલી સહેલાઈથી બીજો એક પણ ખાદ્ય પદાર્થ પચતો નથી. કુદરતી ક્ષારો, કુદરતી પાણી, કુદરતી ગળપણ, નત્રિલ (પ્રોટીન) અને કર્બોદિત (કાર્બોહાઇડ્રેટ) ખાદ્યોને પચાવવાની એમાં અજબ શક્તિ છે. કબજિયાતવાળા દરદીઓને તો ફળો ઉત્તમ ખાદ્ય પદાર્થ છે. ઘણા રોગોમાં ફળનો રસ અમૃત જેવું કાર્ય કરે છે, કારણકે ભગવાન સૂર્યનું ભર્ગ તેમાં ભરેલું છે.

ફળોનું મહત્ત્વ એમાંના ખનીજ ક્ષારોને લીધે છે. ફળમાં પાણીનું પ્રમાણ વિશેષ હોવાથી તે સારક ને મૂત્રલ છે. વળી ખનીજ ક્ષારો વધુ હોઈને તેના સેવનથી લોહી સાફ રહે છે. લોહીની આમ્લતાને ફળનો મધુર રસ ઓછી કરે છે. માંસ અને અનાજના આહારથી લોહીમાં તેમજ અન્ય ધાતુઓમાં આમ્લતાનું પ્રમાણ અધિક ઉત્પન્ન થાય છે. આ આમ્લતાના પ્રતિકાર માટે અમ્લપ્રતિયોગી (alkal ne) ફળો આવશ્યક છે. 'વિટામિન'ની શોધ પછીથી ફળોનું મહત્ત્વ ઘણું વધ્યું છે, કારણકે ફળોમાં વિટામિન પ્રચુર પ્રમાણમાં છે અને શરીરના બંધારણ અને ચેતનતત્ત્વ માટે વિટામિન બહુ જરૂરી છે. --બાપાલાલ ગ. વૈદ્ય

ઉપર કહ્યું તેમ ફળની ખુશબો, મિષ્ટતા અને ગુણતત્ત્વ જેમ આલ્હાદક ને અસરકારક છે, તેમ તેમનાં રૂપ અને રંગ પણ મોહક ને આકર્ષક હોય છે; અને એ બાહ્ય સૌન્દર્ય જેવો જ તેમનો અંદરનો ભાગ પણ દર્શનરમ્ય હોય છે. ઉપલા ચિત્રમાં કેટલાંક ફળોનાં આંતરદર્શન કરાવ્યાં છે, જે પરથી તેમની મનોહરતાનો ખ્યાલ મળવા સાથે તેમની અંદરની રચનાનું–બી, પેશી, ગર્ભ, રેસા, છાલ, કોચલાં આદિનાં વિવિધ રૂપ અને સંયોજનનું જ્ઞાન થશે. એમાં માત્ર પાંચ સિવાયનાં ફળોને ઊભાં ને આડાં બે રીતે ચીરી બતાવ્યાં છે, તેમાંથી વળી વિવિધ રચનાસૌન્દર્ય જણાશે. એમાંનાં સ્ટ્રૉબેરી, બ્લૅકબેરી, ગૂસબેરી, ચેરી, પેર, પીચ, પ્લમ ને બ્રાઝિલ નટ એ પશ્ચિમનાં ફળ આપણે ત્યાં અજાણ્યાં છે. બેરી અને ચેરી બોરના જેવાં, પેર જામફળ જેવાં ને પ્લમ આલુ જેવાં થાય છે. બ્રાઝિલ નટમાં બે વિભાગ બતાવ્યા છે. નીચે આખું ચીરેલું ફળ છે, અને ઉપર છે તે એની પેશી છે. એ આપણા નાળિયેર જેવડું કદમાં મોટું ને એવું સખત હોય છે કે ઉપરથી પડ્યું હોય તો માથું ફોડી નાખે કે બેહોશ બનાવી દે. તેની પેશીઓ નારંગીની પેશીઓને મળતી અંદર ગોઠવાયેલી હોય છે, અને બજારમાં તે જ વેચાય છે. (World of Wonder)

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો [૫]

લેખક ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈ

હવે મને લાગવા માંડ્યું કે સૌન્દર્ય તો સર્વત્ર ભર્યું છે; કોઇ વિરલ પ્રસંગે કે યાત્રાના ધામે જ જોવા મળે એવું કંઈ નથી.

આથી અમદાવાદનાં બધાં મંદિરો અને મસ્જિદોમાં હું ફરવા લાગ્યો. તેમાંનાં સ્થાપત્ય, શિલ્પ અને મૂર્તિઓનાં નિરીક્ષણથી મને ઉચ્ચ પ્રકારનું સુખ મળતું હતું.

દિલ્હી દરવાજા બહાર હઠીસીંગના દેવળપરની નર્તકીઓની મૂર્તિઓનાં મુખ પર આનન્દસમાધિનું દશ્ય બહુ જ આકર્ષક હતું. Ecstacyએ લીધેલું એ મૂર્ત સ્વરૂપ ઘણા મિત્રોને તેમજ અમદાવાદમાં આવેલા પરદેશી વિદ્વાનો અને કવિતાપ્રેમી સાહિત્યરસિકોને પણ બતાવવા હુ વારંવાર હઠીસીંગનાં મંદિરે લઇ જતો, અને તે દરેક પ્રસંગે નવોનવો આનંદ મને મળતો. અને ત્યાંના તીર્થંકરોના મુખભાવમાં અવ્યક્તને વ્યક્ત કરનાર, વિશ્વકર્માના શિષ્યો—સોમપુરા સલાટોને હું માનસિક નમસ્કાર કરતો.

અમદાવાદની મસ્જિદોના સ્થાપત્યની સપ્રમાણતા, એમાંની કોતરણીનું સૌંદર્ય ને તેની જાળીઓની વિવિધતા પર તો હું મુગ્ધ બન્યો હતો. લાલ દરવાજાની જાળીઓની કોતરણીની સુકુમારતા ને લાલિત્ય જોઇ મને મિઠ્ઠી કોયલો ને દયારામ કવિનાં ગીતો સાંભરતાં. એ કોતરણીમાંનું ખજૂરીનું ઝાડ જોઇને મને મરોડદાર ગુજરાતી લિપિ યાદ આવતી. દેવનાગરીની માથાં બાંધેલી લીટીઓ તળે ઊભેલા અક્ષરો જાણે 'હૅડ ઠોમ!'ના હુકમ પર ડ્રિલ કરતા લાગતા, ત્યારે ગુજરાતી લિપિમાં રેખાઓનાં વ્હેણ મરજે ઘૂમતી કન્યાઓ જેવાં મુક્ત પ્રવાહી લાગતાં.

સૂર્યાસ્તના રંગો વખતે જ્યારે એ લાલ દરવાજાની જાળીઓ જોતો ત્યારે તો એ સ્થળ અને કાળને ભૂલી કોઈ અલૌકિક ભૂમિમાં વસતો હોઉં એવું લાગતું. એ જાળીઓ પણ મેં બહુ જણને બતાવી છે. 'રૂપમ્'ના તંત્રી કલાવિદ્ અર્ધેન્દ્રકુમાર ગાંગુલી તો એ જોઇને કહે કે મેં આનાં ચિત્રો તો બહુ જોયાં હતાં, પણ ખરી જોયાથી જેવો આનંદ થાય છે એવો તો કોઇ છબિ કે ચિત્રથી નહિ થએલો. પછી તો આ જાળી ઉપરથી રૂપાની નાનીનાની જાળીઓની પેટીઓ બનાવડાવીને તેમાં મેં કેટલાં યે માનપત્રો અપાવડાવ્યાં.

સરખેજ અને શાહઆલમના રોજા તથા રાણી સિપ્રી, રાણી રૂપમતી અને મુહાફિઝખાનની મસ્જિદો, જુમા મસ્જિદ તથા બાદશાહ અને રાણીના હજીરા પણ હું વારંવાર જતો. સરખેજનું એકાન્ત, વાતાવરણની પવિત્રતા ને કલાસમૃદ્ધિ તો મને ખૂબ ગમતી. વિદ્યાર્થીઓનાં ટોળેટોળાંને હું ત્યાંની યાત્રાએ લઈ જતો. ત્યાંના તળાવનો ઓવારો, ગરનાળાં ઉપરની કોતરણી, ગુંબજમાં આછા પ્રકાશ અને પડઘાની યોજના તથા મહમદ બેગડા અને અહમદ ખટ્ટુ ગંજબક્ષની કબરો પરની કોતરણી જોતાં હું કદી ધરાતો નહિ.

શાહઆલમની જાળીઓમાંથી ગળાઇને આવતો પ્રકાશ ભક્તિભાવને પોષક લાગતો અને પશ્ચિમનાં ગૉથિક દેવળોમાંની 'સ્ટેઈન્ડ ગ્લાસ વિન્ડોઝ' એટલે રંગીત કાચની બારીઓના તેજ કરતાં આના તેજની માનસિક અસર વધારે સારી લાગતી. વળી એ કોતરણીની ભિન્નભિન્ન આકૃતિઓમાંથી જોવાતું ભૂરૂં આકાશ પણ પ્રભુની વધારે નજદીક લઈ જતું લાગતું. ત્યાંના ટોડા પર ચડીને મેં કલાકો સુધી દૂરદૂરનું સૃષ્ટિસૌન્દર્ય પીધું છે. ત્યાંથી નજરે પડતાં તળાવો, વૃક્ષો ને વાદળના રંગો નિસર્ગદેવીની અદ્‌ભુત લહાણ છે.

મને લાગતું કે આવડા મોટા આ શહેરમાં મારા જેવો કોઈ સુખી નથી. સાંજના પાંચ પછી હું કોઈ દિવસ ઘેર રહેતો નહિ 'ગુજરાત કલબ'નો પણ સભાસદ હું ન થયો; કારણ દરરોજ સાંજનાં આવાં અદ્‌ભુત કલાપર્યટન અને સૃષ્ટિસૌન્દર્યનાં સુખ મૂકીને એ પત્તાંબાજી, બ્રિજ કે કુથલીઓમાં સલુણી સંધ્યાઓ વેડફવી મને વ્યાજબી લાગી નહિ.

અમદાવાદનું સ્વામીનારાયણનું મંદિર પણ હઠીસીંગના મંદિરનું સમકાલિન છે. એની લાકડાની કોતરણી, સભામંડપના સ્થંભો, સહજાનંદ સ્વામી ને નરનારાયણની મૂર્તિઓ વગેરેએ મને ખૂબ અસર કરી હતી.

છતાં આ બધું ભૂતકાળનું હતું. મારે વર્તમાનમાં કોઇ શિલ્પકાર હોય તો તેને મળવું હતું અને એમની આધુનિક સ્થિતિ અને ભવિષ્યની આશાઓમાં કંઇ સાથ અપાય તો આપવાની મને લ્હે લાગી હતી.

મગનલાલ ચિત્રકાર અને પછી રવિભાઈ સાથે કલાના પુનરૂદ્ધારની ઘણી વાતો થતી ને દેશના પુનર્જીવનમાં કળાઓ અને કળાકારો જો મળે તો પ્રજાજીવનમાં રસિકતા અને આનંદ આવે એમ આશા બંધાઇ હતી.

આ ઉપરથી નવાં જૈન મંદિરોના શિલ્પી રવિકરણ, અમદાવાદની અદ્‌ભુત લાકડાની કોતરણી હમણાં સુધી સજીવન રાખનાર સોમનાથ ભૂધર મિસ્ત્રી, કિનખાબ વણનારા થોડાક શાળવીઓ અને એક ગાલીચાના કારખાનાવાળાને હું મળ્યો. રવિકરણ પાસેથી સોમપુરા બ્રાહ્મણોનો ઇતિહાસ જાણ્યો અને ગુજરાત, રજપૂતાના તથા માળવા સુધીની એમની કોતરણીની અને રૂપકામની એકતા એમની પાસેથી સમજ્યો.

અમદાવાદમાં બનતા ગાલીચા, કિનખાબ, લાકડાનું કોતરકામ અને ખેતરપાળની પોળનું રવિકરણે જીર્ણોદ્ધાર કરેલું મંદિર, બધું મેં મહાત્માજીને બતાવ્યું અને એમના ઉત્તમ અભિપ્રાયને જાણી મને એટલી ખાત્રી થઇ કે હું કોઇ કલ્પિત સ્વર્ગમાં ફરતો નહોતો.

આત્મા દશ્ય રીતે તો જણાતો નથી, પણ ઉન્નત માનવ-આત્માએ કરેલાં આવાં મનોરમ સર્જન જોઇને આત્માના વૈભવનું હું સાન્નિધ્ય અનુભવવા લાગ્યો અને આનન્દ રૂપનું સાક્ષાત દર્શન કલામાં મને થવા લાગ્યું.

એક દિવસ રત્નાશાની પોળનું એક નવું જૈન મંદિર બાબુ ક્ષિતિમોહન સેનને હું બતાવવા ગયો. એ મંદિરના ઘાટ તથા પૂતળીઓ વગેરેની વર્ણસંકરતા જોઇને બાબુ જરા ખિન્ન તો થયા હતા, પરંતુ ત્યાં મને પોતાની સાથે એક ખૂણામાં બેસાડીને દર્શન કરવા આવનાર ભક્તજનોનાં મુખ ઉપરના ભાવ જોવા એમણે મને સૂચના કરી.

એ દર્શન અજબ હતું. દર્શને આવનારમાં બાળકો, યુવતીઓ, યુવકો અને વૃદ્ધો તમામ હતાં; પણ દ્વારમાં પેસતાં જ એ સૌનાં મોં એકદમ નમ્ર થઈ જતાં. ખૂબ ઠાઠમાઠમાં આવનારી અલબેલીઓ દેવ સામે જોતાં જ અભિમાનરહિત થઈ જતી અને છેક રાંક બની જઈ ભગવાન આગળ પોતાનાં હૃદય ખોલતી લાગતી હતી. મંદિરો અને દર્શનની આ અસર મેં પહેલી જ વાર જોઇ. (ચાલુ)

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક સમીક્ષા

આ વર્ષે મજકુર સમીક્ષા વિભાગવાર નીચેના સમીક્ષકોને સોંપાઇ છે: લલિત વાઙ્મય: પ્રો. ગૌરીશંકર ઝાલા, એ-૧૩ પાર્વતી મૅન્શન, ઑપેરા હાઉસ(?), મુંબાઈ-૭; લલિતેતર વાઙ્મય: શ્રી મુનિકુમાર ભટ્ટ, કૃષ્ણનગર, ભાવનગર; વિજ્ઞાન-ડૉ. ભદ્રમુખ વૈદ્ય, ડીપાર્ટમેંટ ઑફ કેમિકલ ટૅકનૉલૉજી, માટુંગા મુંબાઇ-૧૯. પોતાનાં પ્રકાશનો તે તે વિભાગના સમીક્ષકોને મોકલી આપવા સૌ લેખકો તથા પ્રકાશકોને સભાની વિનતિ છે.

સરળ સાઇકલિંગની સૂચનાઓ



સાઈકલ એ આજકાલ ઘરઘરનું સાધન બની ગઈ છે,–તરુણોમાં સવિશેષ. પરન્તુ જ્ઞાનપૂર્વક તેનો વપરાશ અને માવજત કરનારા બહુ જૂજ હશે. એવા જ્ઞાનને અભાવે ઘણા ખોટી સાઈકલ પસંદ કરે છે, ઘણા ખોટીરીતે વાપરતા હોય છે; ઘણા સાચવણ જ રાખતા નથી હોતા. પરિણામે શક્તિ ને દ્રવ્યનો ખૂબ વ્યય થાય છે. આ નીચે આપેલી સૂચનાઓ એ વ્યય અટકાવીને તમારું સાઇકલિંગ હળવું ફૂલ બનાવી દેશે.

પહેલી વાત તો એ કે સાઇકલ ઉપર આરામ ને નીરાંતની છટાથી બેસો— આત્મ-વિશ્વાસથી બેસો. 'રખે અકસ્માત થઈ જશે!' એવી ચિંતાની વ્યાકુળતા ચહેરા પર રાખીને, શરીરના અંગેઅંગને અક્કડ ને તંગ બનાવીને નહિ; પણ તમારી ઇચ્છા વિના સાઇકલ ઇંચ પણ આઘીપાછી થઈ શકવાની નથી એટલો કાબૂ તમે તેના ઉપર ધરાવો છો એવા દઢ વિશ્વાસ સાથે, મુક્ત અને ઢીલાં અંગ રાખીને બેસો. અને છતાં તમારી દૃષ્ટિ એટલી ચકોર અને મન એટલું જાગૃત રાખો કે સાઇકલ, ખરેખર, એક ઇંચ પણ તમારા કાબૂ બહાર જઇને અકસ્માત ન કરી બેસે.

શરીર તંગ કરીને બેસશો તો રસ્તામાં આવતા ખાડા ને રોડાંથી તમારા આખા શરીરના અંગેઅંગને એના આંચકા લાગશે. મુક્ત, નરમ અંગ એ કુદરતી જ 'સ્પ્રિંગ'–'શૉક ઍબ્સૉર્બર'નું કામ શરીરમાં કરે છે.

તમારા હાથ અને બરડો સહેજ વળેલાં રહે, અને તમારા પગ પૅડલ (પગાં) ઉપર તથા હાથ હૅન્ડલ (હાથા) ઉપર સરળતાથી જરા-પણ તંગ કે ખેંચાયા વિના પહોંચી રહે એ રીતે બેસો. તેને માટે તમારી સીટ (બેઠક) અને હૅન્ડલબાર બરોબર તપાસી લો.

બેઠક બહુ ઊંચી હશે તો પગની નસો સાથળના મૂળમાંથી ખેંચાઇ ખેંચાઇને તમારી ઘણી શક્તિ એળે જશે; બહુ નીચી હશે તો પણ પેડલ મારતાં આખા શરીરને શ્રમ પડશે.

સામાન્ય રીતે હૅન્ડલ-બાર અને બેઠક બંને એક સપાટીએ રહેવાં જોઇએ પછી સહેજ-સાજ ફેર સૌએ પોતાના શરીરના કદ અને બેસવાની ટેવ અનુસાર કરી લેવો. બાર બહુ નીચાં હશે તો ડોક ને કમ્મર પર ખોટું જોર આવશે; વધારેપડતાં ઊંચાં હશે તો ચઢાણ-વાળા ભાગ વખતે તમને ભારે પડી જશે.

સાઇકલ તમારા શરીરના કદને બંધ બેસે એવી પસંદ કરવી. બંને પૅડલને, ઉપરનીચે–તદ્દન સીધી લીટીમાં (ઘડિયાળમાં ૬ વાગ્યા-ના કાંટાની જેમ) રાખીને પછી સીટ પર બેસી નીચેના પૅડલ પર તમારો પગ મૂકી જુઓ. પગનો પંજો પગાને બરોબર પહોંચી રહેવો જોઇએ, ને તેમ થતાં પગ બહુ અક્કડ ને તંગ નહિ પણ ઢીંચણથી સ્હેજસાજ વળેલો ને નરમ રહેવો જોઈએ. એ ખરું માપ. એમાં ફેરફાર હોય તો સીટને તેટલા પૂરતી ઊંચી-નીચી કરી લેવી. સીટને જો એટલી બધી ઊંચી લેવી પડે કે તેનો દાંડો બેએક ઇંચ કરતાં પણ બહાર નીકળી આવે તો સાઇકલ તમારા કદ કરતાં નાની ગણીને બદલવી.

બીજું એક માપ આ લઈ જુઓ: એક દોરીને છેડે કાંઇક નાનું વજન બાંધી ઓળંભો બનાવી લો. હવે દોરીનો છેડો તમારી બેઠક-સૅડલ-ના તદ્દન આગલા છેડા પર રાખીને ઓળંભાને સ્થિર લટકાવી, પૅડલની ધરી અને દોરી વચ્ચેનું અંતર માપો. તે બે ઇંચ હોવું જોઇએ. વધારે-ઓછું હોય તો સૅડલ તે પ્રમાણે આઘું-પાછું કરી લો. (જુઓ ચિત્ર) હવે બંને પૅડલને આડી લીટીમાં (ઘડીયાળમાં સવા નવ વાગ્યાના કાંટાની જેમ) રાખી સાઈકલ પર બેસી જુઓ. આગલા પૅડલ પરનો પગ ઢીંચણ-થી ઘૂંટી સુધી બરાબર સીધી લીટીમાં રહેવો જોઇએ. જો ફેર હોય તો સૅડલ ફેરવી લો.

આટલું કરીને હવે તમારાં હૅન્ડલની લંબાઈ પણ તપાસી જુઓ. સાઇકલ પર બેસતાં તમારા શરીરનું વજન હૅન્ડલ અને સૅડલ બંને પર સરખે ભાગે વહેંચાઈ જવું જોઇએ. હૅન્ડલ બહુ લાંબાં હશે તો સીટ પર વજન વધુ આવશે ને તમારી બેઠક તપવા લાગશે, ટૂંકાં હશે તો તમારું વજન હૅંડલ પર નંખાઈ બરડા કમ્મરને ભાર પડશે.

તદ્દન નીચાં હૅંડલવાળી 'રેસર'–શરતની સાઇકલ આવે છે તેની વાત જુદી છે. તેનું વજન, તેની રચના વગેરે પાછળ વધારેમાં વધારે વેગ કેમ મળે તે જ લક્ષ હોય છે. શરતને માટે અગર સીધી સડકો પર લાંબી સફરો કરવા માટે એ સાઇકલો સારી. તેનાં હૅન્ડલ ખૂબ નીચાં હોય છે–એટલાં કે કમ્મર આગળથી તમારું શરીર લગભગ કાટખૂણે વળીને માથું સીધું સામેની વેગની દિશામાં રહે છે. આ બેઠકથી તમારું વજન સૅડલ, પૅડલ અને હૅન્ડલની વચ્ચે સરખું વહેંચાઇ જાય છે. એથી સફરો લાંબી હોવા છતાં તમારી બેઠક તપતી નથી; પવન સામો હોય તો પણ તમારું ધડ તેની સામે સીધી લીટીમાં આવેલું હોઈ ઘર્ષણ ઓછું લાગે છે, જેથી વેગને મદદ મળે છે; અને હૅન્ડલ પર કપડ અને વજન મજબૂત હોવાથી ઓછી મહેનતે વધારે ફાવટથી પૅડલ મારીને વધુ વેગ પકડી શકાય છે. આ 'રેસર' વેગ અને લાંબા પલ્લા માટે કામની. શહેરોમાં ફરવા માટે ચાલુ સાઈકલો જ વધુ સારી.

સાઈકલિંગમાં બીજો એક અગત્યનો મુદ્દો તે 'ગીઅર-રેશિયો'–ગીઅરનું પ્રમાણ એ સૌસૌની તાકાત અને તેની સાઈકલ ફેરવ-વાના પ્રમાણ ઉપર અવલંબે છે. સામાન્ય રીતે તે ૬૪ અને ૭૪ની વચ્ચે આવે છે. તમારે તમારી મેળે સાઇકલનું ગીઅર નક્કી કરવું હોય તો પાછલું ફ્રી-વ્હીલ અને આગલું પૅડલ-વ્હીલ એ બંનેના દાંતા ગણી જુઓ. પછી આગલા ચક્રના દાંતાને પાછલા ચક્ર-રના દાંતા વડે ભાગતાં જે ભાગાકાર આવે તેને પૈડાના ડાયામીટર (વ્યાસ) વડે ગુણો. દા. ત. આગલા ચક્રના દાંતા ૪૮÷પાછલા ચક્રના દાંતા ૧૮=૨⅔×૨૫॥ ઇંચ પૈડાનો ડાયા-મીટર=૬૮ ઇંચ ગીઅર સંખ્યા આવી. તેનો અર્થ એ કે પાછલું પૈડું ૬૮ ઇંચ (૫॥ ફૂટ) નું હોય અને ક્રૅન્ક સીધાં હબને લગાડેલાં હોય ને જેટલું જોર તમને પૅડલ ફેરવતાં પડે તેટલા જોરનો એ આંક આવ્યો. પાછલા ચક્રને નાનું અગર આગલા ચક્રને મોટું કરીને ગીઅર-રેશિયો વધારી શકાય; અગર પાછલાને મોટું યા આગલાને નાનું કરીને ઘટાડી શકાય. ગીઅર-રેશિયો જેમ વધુ તેમ જોર વધારે પડે.

પણ સૌથી અગત્યની વાત તે પૅડલ માર-વાની પદ્ધતિ. પૅડલ પગના ફણા—આગલા પંજા–વડે જ ચલાવો. ઘણા લોકો પંજા અને એડી વચ્ચેના ખાડામાં પૅડલ રાખે છે. એ ખોટી રીત છે. પૅડલ મારતી વખતે ઘૂંટી કદિ અક્કડ ન રાખો. ઘૂંટીના સાંધામાંથી પગ મુક્તપણે ફરવો જોઇએ. પૅડલ ઊંચે આવવાની સાથે જ તમારો ફણો ઘૂંટીમાંથી ઉંચકાવો જોઇએ, તમે એડીભર ચાલતા હો ને રહે તેમ. અને જેવું પૅડલ નીચે જવા લાગે તેની સાથેસાથ ફણો તેના પર દાબી તેને જોરથી નીચે ધકેલવું પૅડલ તદ્દન નીચે પહોંચીને પાછું વળવા લાગે તે વેળા તમારો ફણો પણ એટલો નીચો ગયેલો હોય કે

આંગળાં જમીન તરફ ગયાં હોય. ફણાની આ બધી ક્રિયા ઘૂંટીના સાંધામાંથી મુક્તપણે થવી જોઈએ;-દરજીના પગના ફણા તેના સંચાના પગ ઉપર ફરે છે તેમ. ફણાની આ મુક્તક્રિયાથી જોર ઓછું આવશે. ઘૂંટી અક્કડ હશે તો વધુ જોર આવી પગ દુખવા લાગશે. જુદી ટેવવાળાને ઉપલી ક્રિયા શરૂશરૂમાં મુશ્કેલ લાગશે; પણ મહાવરો પડી ગયા પછી જણાશે કે એમાં કેટલી સરળતા છે, અને પરિણામે એમની કેટલી શક્તિ બચી છે.

અને છેલ્લી સૂચના સાઈકલની સંભાળની. આદર્શ માપ તો એ છે કે દર ૧૦૦ માઈલની સફર પછી સાઈકલના બધા ભાગને તેલ સીંચવું જ જોઇએ. ખાસ કરીને તેના હબ ધરીઓ ને ફરતાં ચક્કરોને. સાઈકલ ચલાવનારે જાતે જ તે કરવું જોઈએ. આપણા સાધનને આપણે જેટલા પ્રેમ અને પોતાપણાની લાગણીથી સાફસૂફ કરીએ તથા સાચવીએ તેટલું ભાડૂતીરીતે ન જ બને. એટલે દરેક સાઇકલિસ્ટને આટલું તો આવડવું જ જોઇએ: એનો એકેએક ભાગ સાફ કરવાનું તથા તેલ સીંચવાનું; ચેઈન તથા બેરીંગને કાઢવા-નાખવાનું અને સાફ કરવાનું; ઢીલા અથવા ભાંગેલા આરાના સળિયા બેસાડવાનું; ને ટ્યૂબ તથા ટાયર ખોલીને હાથે પંકચર કરી લેવાનું.

ઘણીખરી સાઈકલોમાં સામાન્ય દૂષણ જોવામાં આવે છે તે કડક અને કાટ ખાધેલી ચેઈનનું. ભાગ્યે જ ૨૫ ટકા માણસો પોતાની ચેઈન સાફ કરવાની કાળજી રાખતા હશે. તેને અવારનવાર બહાર કાઢી, કેરોસીનમાં પલાળી, કાટ રેતી કે માટી હોય તે સાફ કરી કપડાથી લૂછી તેને અંકોડે અંકોડે સાંચાનું તેલ સીંચીને ફરી ચડાવવી જોઈએ. અંકોડાના નીચેના ભાગમાં થોડું ગ્રીઝ લગાડી શકાય તો સારું. ચેઈન બહુ અક્કડ રાખશો તો દાંતામાં ચોંટી જશે ને અવાજ કરશે. ચક્કર પર ચેઈન ચડાવેલી હોય ત્યારે તેનો ઉપલો ભાગ સીધો ને નીચલો ભાગ સ્હેજ ઝૂલતો રહે એટલી ઢીલી એ હોવી જોઈએ.

ચેઈન બેસાડી દીધા પછી પાછલું પૈડું બરાબર મધ્યમાં બેઠું છે કે નહિ તેની ખાતરી કરી લેવી જોઈએ. સાઇકલને ઊંધી કરી સૅડલ અને હૅંડલ ઉપર ટેકવી હાથેથી પૅડલ ફેરવી જોવું, અને તેમાં ઠરડાટ કે ઘર્ષણ ક્યાંય છે કે નહિ તે તપાસી જોવું. બરોબર ન હોય તો જે બાજુ ઠરડાટ હોય તેની સામેની બાજુના સ્પોક-આરાના સળિયા-ટાઈટ કરી લેવાથી સીધું થઇ જશે. ફરી એકવાર જોસથી પૈડું ફેરવી જુઓ. તે ખૂબ લાંબો સમય ફર્યા કરશે, ને પછી ધીમેધીમે તેનો વેગ કમી થશે. અંતે સ્થિર થવા આવશે ત્યારે ઘણીવાર તે આગળ ને પાછળ લોલકની માફક ફરીને પછી તદ્દન સ્થિર થશે, ને ત્યારે તેના વાલ્વનો ખૂંટો તદ્દન નીચે ગયેલો હશે. આમ હોય તો સમજવું કે પૈડું બરોબર 'ટ્રૂ' છે.

શહેરમાં સાઈકલ ચલાવનારાએ બ્રેક અને બેલ તો સાબૂત રાખવાં જ જોઇએ. બ્રેક તો એટલી તૈયાર રાખવી જોઈએ કે તેના લિવર પર આંગળાંનો ઈશારો લાગતાં જ પૈડાને ચોંટી જાય. પણ એટલી બધી કડક નહિ કે તમારા પૈડાનાં પાસાંને ઘસારો પાડે. કોઈ પણ અકસ્માત આંખના પલકારામાં જ બને છે. તેની સામે તમારી બ્રેક એટલી જ ત્વરાથી કામ આપતી હોય તેવી તૈયાર જોઇએ.

વિકસતું વિજ્ઞાન

અમેરિકાની જનરલ ઇલેક્ટ્રિક કંપનીએ દર મિનિટે ૧,૨૦,૦૦૦ રેવોલ્યુશન લેતી મોટર શોધી છે, જે ચાલુ મોટર કરતાં ૬૫ ગણી ઝડપ થઇ. દાખલાથી સમજીએ તો, જો કોઇ ગાડીનાં પૈડાં તેના પર બેસાડવામાં આવે તો કલાકે દસહજાર માઈલની ઝડપે તે દોડે, એટલો એ વેગ થયો! આ વેગ અવાજના વેગ કરતાં પણ ૧૪ ગણો વધારે થયો! હાલ તો આ મોટરો યુદ્ધ સરંજામની બનાવટો માટે જ ખાસ વપરાશે અને લડાઇ પછી જ જાહેરના ઉપયોગ માટે ખુલ્લી મુકાશે. આખી મોટરનું વજન માત્ર સાત રતલ છે અને એક હાથે ઊપડી શકે એવી છે. (સુસેવી)

વર્તમાન યુદ્ધમાં વિજ્ઞાનના પ્રતાપે જે નવી શોધો અને નિત્યનવી પદ્ધતિઓ પ્રચલિત થાય છે, તેમાં ખોરાકીના પૂરવઠાની એક નવી પદ્ધતિ ઘણું મહત્ત્વ ધરાવે છે. એ શોધ પ્રમાણે હવે દરેક સૈનિકને સામાન્ય ચાલુ ખોરાકને બદલે 'એકત્રિત ખોરાક'નો એક નક્કર ટુકડો (બ્લૉક) હવાલે કરી દેવામાં આવે છે, જે દેખાવમાં લોખંડ જેવો સખત અને વ્યાસમાં સો સિગારેટોના ડબ્બા જેવડો હોય છે. પણ એ ટુકડામાં એટલો ખાદ્ય-પદાર્થ હોય છે કે તેમાં જરૂર પૂરતું ગરમ પાણી ઉમેરીને વાપરવામાં આવતાં એક સૈનિકને દિવસમાં ત્રણ વારના હિસાબે ગરમાગરમ લ્હેજતદાર ભોજન મળી રહે છે! આ ખોરાક માંસ અને શાકભાજી બન્નેનો બનેલો હોય છે.

આ યુદ્ધની આ નવી લોખંડી 'રસદ' (રૅશન) લડાઇ ખતમ થઇ ગયા બાદ ઘરની ગૃહિણીના માટે આશીર્વાદ રૂપ થઇ પડશે.

આ નવતર 'રસદ'ના બ્લૉકમાંથી એક લાકડાને મળતી આવતી કટકી લઇને જરા પાણીમાં મિલાવી કે તમને બટાટાનું 'રેડીમેઇડ' ભડથું ખાવા સારૂ તૈયાર મળી જશે! બીજી કટકી લીધી કે તળેલાં બટાટા તમારે હાથ આવશે; અને આ બધું તિલસ્મી કાર્ય જરાક જેટલું પાણી, અને ગરમી પહોંચાડવાથી થઇ જશે!! આમ આ તિલસ્મી-ટુકડા કિંવા રસદી-બ્લૉક દ્વારા તમને આઇસ્ક્રીમ, જામ, માખણ, ચૉકલેટ વગેરે અનેક પ્રકારના વિવિધ ખાદ્ય-પદાર્થ મળી શકશે અને વળી તે બધા અસલી હશે, નકલી અથવા બનાવટી નહિ!! ઈ. સ. દ.

મદ્રાસ યુનિવર્સિટીની પદવી


મદ્રાસ યુનિવર્સિટીએ કેટલાંએક વર્ષોથી સંગીતનાં ચાર નિયત વર્ષનો અભ્યાસક્રમ પાર કરનારને સંગીત શિરોમણિની પદવી આપવાની યોજના કરી હતી, પણ હજુ સુધી તેના વર્ગો ચાલુ કરવાનું શક્ય થયું નહતું; તેથી અદિયારમાં 'કલાક્ષેત્ર'નાં અધિષ્ઠાત્રી શ્રી રૂક્મિણીદેવીના પ્રસ્તાવથી યુનિવર્સિટીની સંમતિ અનુસાર સંગીતની કૉલેજ ઉપરાંત, પ્રખ્યાત વાયોલિનિસ્ટ અને યુનિવર્સિટીના અભ્યાસક્રમના નિષ્ણાત શ્રી મધુર સુબ્રહ્મણ્ય આયર પ્રોફેસર તરીકે કામ કરશે. આ કૉલેજનું ઉદ્ઘાટન સર સી. પી. રામસ્વામી અય્યરને હાથે ૩જી જુલાઇ ૧૯૪૪ ને રોજ થયું છે. હવે મુંબઈની યુનિવર્સિટી કલાઓને ક્યારે અપનાવશે?

કસોટીના ઉત્તરો

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬	૧૭	૧૮	૧૦
૨૧	૨૨	૨૩	૨૪	૨૫	૨૬	૨૭	૧૯	૨૦
૩૧	૩૨	૩૩	૩૪	૩૫	૩૬	૨૮	૨૯	૩૦
૪૧	૪૨	૪૩	૪૪	૪૫	૩૭	૩૮	૩૯	૪૦
૫૧	૫૨	૫૩	૫૪	૪૬	૪૭	૪૮	૪૯	૫૦
૬૧	૬૨	૬૩	૫૫	૫૬	૫૭	૫૮	૫૯	૬૦
૭૧	૭૨	૬૪	૬૫	૬૬	૬૭	૬૮	૬૯	૭૦
૮૧	૭૩	૭૪	૭૫	૭૬	૭૭	૭૮	૭૯	૮૦
૩૬૯	૩૬૯	૩૬૯	૩૬૯	૩૬૯	૩૬૯	૩૬૯	૩૬૯	૩૬૯

(૨) જરદ, બિરદ, મરદ, શરદ, ગરદ, ફરદ, દરદ, વરદ.

(૩) બાજુના ચિત્રમાં બતાવ્યા મુજબ.



એક વખત લોહીથી અક્ષરો લખી જુઓ અને પછી લોહીની શું કિંમત છે તે તમને સમજાશે.



માધુકરી

ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણવા આંકડાઓ નવેસર,
જાગ્યા ત્યાંથી નવીન ગણવું જિંદગીનું પ્રભાત,
ત્યાગ્યું જેને સમય અભયે તે પુનર્ગ્રાહ્ય થાય,
શ્રદ્ધાસેતુ ઉપર શ્રમથી દુસ્તરો યે તરાય.

—'ઉશનસ્'

કે. રામરાવ

હિંદી પત્રકારત્વમાં યુક્ત પ્રાંતના રાષ્ટ્રીય દૈનિક પત્ર 'નૅશનલ હૅરલ્ડ'નું સ્થાન વિશિષ્ટ હતું. આજે સરકારે તેને ફરી શરૂ થવાની અનુમતિ નથી આપી. પંડિત જવાહરલાલ તેના પ્રેરક ને પ્રાણદાતા. જ્યારે તેની પાછળ લોહીનું એકએક બુંદ ખરચી, અજબ જહેમતથી તેને આગળ ધપાવનાર તે કે. રામરાવ. હૅરલ્ડની પ્રગતિ પાછળ રામરાવની કાર્યશક્તિનો મૂક અને જ્વલંત ઇતિહાસ પડ્યો છે. ગયા માર્ચ મહિનામાં રામરાવના પત્રકારજીવનનો રજત-ઉત્સવ ઉજવાયો.

સંપાદક રામરાવનું હૃદય સ્વાભાવિકરીતે જ અન્યાય કે જુલમ નથી સહી શકતું. તેમના લખાણમાં જેમ સ્પષ્ટ વક્તવ્ય, નિર્ભયતા અને સચ્ચાઈ હોય છે તેમ તેની પાછળ તેમની આ જાગ્રત અનુકંપા પણ જીવંતરૂપે તરવરી રહે છે. ૧૯૪૧ના સત્યાગ્રહ સમયની વાત. લખનૌ કૅમ્પ જેલના કેદીઓ પર થતા અત્યાચારના સમાચાર 'હૅરલ્ડ' પ્રેસમાં આવવા લાગ્યા. સમય કઠિન હતો. 'હૅરલ્ડ'ને સહીસલામત હંકારવાની રામરાવ પર ભારે જવાબદારી હતી. પણ પેલા બંદીભાઈઓની ચીસ તે કેમ પાછી ઠેલી શકે? 'જેલ કે જંગલ'ના મથાળા તળે સંપાદકીય લેખમાળા શરૂ થઈ. યુક્ત પ્રાંતની સરકાર ફફડી ઊઠી. જેલ-ઉપરીએ આબરૂનો દાવો માંડ્યો. રામરાવને છ મહિનાની સજા થઈ.

રાજદ્વારી નેતાઓ કે સરકારી અમલદારોની સત્યને ખાતર ખાલ ઉતારી નાખનાર રામરાવ તેના સાથીઓમાં અજબ પ્રેમ ને વિશ્વાસ જગાડી શક્યા છે. મહામુશ્કેલીએ સફર કરતા 'હૅરલ્ડ'ના કાર્યકરોને કદી સારો પગાર નથી મળ્યો. એકવાર એક સહકાર્યકર પગાર વધારો માગવા ગયો. હસીને રામરાવે કહ્યું: 'દોસ્ત! તું તો વધારો માગવા મારી પાસે આવ્યો. પણ બોલ! મારે પગારવધારો માગવા હું કોની પાસે જાઉં?' અને તેમણે ઉમેર્યું, 'આપણે લડાઈના સિપાહી છીએ. શું આપણે માટે એ પૂરતું નથી કે આપણે 'હૅરલ્ડ' અને નોકરના છીએ?' સહકારી નવજવાનની આંખો ચમકી ઊઠી.

હમણાં તો વહાણની સફર ઓળંભે પડી છે ને સુકાની વિખૂટો પડ્યો છે. ઇચ્છીએ કે તે સુભગ મિલન થાય ને પેલા ધ્રુવ તરફ એ પ્રબળ વેગે ફરી ધસે.

—મકરન્દ દવે

એકવાડૉર

પાસિફિક મહાસાગરને કાંઠે આવેલો દક્ષિણ અમેરિકાનો આ દેશ આંડીઝની ગિરિમાળાની બરાબર ગોદમાં આવેલો છે. હિમકિરિટ ધારણ કરેલાં એના ૨૦,૦૦૦ ફૂટ ઊંચાં શિખરો બે સમાંતર હારમાં ચાલ્યાં જાય છે ને વિષુવવૃત્તની રેખા પણ તેને છેદતી જાય છે. એકવાડૉર એ વિષુવવૃત્ત (ઇક્વેટર)નું જ સ્પૅનિશ નામ છે.

એની રાજધાનીનું શહેર કિવટો બરાબર વિષુવવૃત્ત પર આવેલું છે. દુનિયાનાં સૌ શહેરોમાં ઊંચામાં ઊંચું, એક લાખની વસતિવાળું એ શહેર આંડીઝનાં હિમાચ્છાદિત શિખર પર લગભગ બે માઇલની ઊંચાઈએ આવેલું છે. પેરૂના ઇંકા લોકો જેવી જ સંસ્કૃતિ ધરાવતા કિવટસ લોકોના મહારાજ્યની એ પહેલાં રાજધાની હતું, તે પરથી તેનું એ નામ પડ્યું છે. ઇસુની દસમી સદીમાં કારાસે તે જીતી લઈ, ત્યાંની એક ટેકરી પર સૂર્યમંદિર બાંધેલું. આજથી લગભગ ચારસો વર્ષ પહેલાં ત્યાં સ્પેનિશ લોકો ઊતર્યા. પેરૂ પચાવી પાડ્યા પછી



દક્ષિણ અમેરિકાનાં સંસ્થાનો વચ્ચે એકવાડોરનું સ્થાન દર્શાવતો નકશો

પિઝારોએ સેબાસ્ટિયન દ બૅનલકૅઝરને કિવટસ જીતવા મોકલ્યો ને પેરૂનું માંડલિક બનેલું એ રાજ્ય સહેલાઈથી એમને હાથ ચડી ગયું.

ત્યાર બાદ ૧૮૨૨ના મેની ૨૪મીએ જનરલ સુક્રેએ પિચિન્ચાની લડાઈમાં સ્પૅનિશ શાહીદળને હરાવ્યું ને અમેરિકાનાં સંસ્થાનો સ્પેનથી સ્વતંત્ર થયાં ત્યાં સુધીમાં અનેક વાઇસરૉયોનો અમલ એકવાડૉર પર રહેલો. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી કોલંબિયા, પનામા, વેનેઝુએલા ને એકવાડૉર મળી 'બહદ્ કોલંબિઆ'નું આખું નવું રાજ્ય ઊભું થયું ને સાઇમન બોલિવાર તેનો પ્રમુખ ચુંટાયો. પરંતુ ૧૮૩૦માં એ સંગઠન તૂટી પડ્યું ને ઑગસ્ટની ૧૪મીએ એકવાડૉરે પોતાને પ્રજાસત્તાક જાહેર કરી જનરલ ફ્લૉરેઝને પોતાનો પ્રમુખ ચૂંટી કાઢ્યો.

પાસિફિક કાંઠે આવેલા ગ્વાયાકિલથી કિવટો સુધી ૨૯૭ માઇલની આંડીઝની કંધાર પર બંધાએલી ત્યાંની રેલવે તો જગતનાં ઇજનેરી સાહસોમાંનું એક ગણાય છે. ૩૫ વર્ષની લાંબી જહેમતને અંતે, ૧,૭૫,૦૦,૦૦૦ ડૉલરને ખરચે એનું બાંધકામ પૂરું થયું. આંડીઝની ખીણોનું સૌન્દર્ય આપણને સ્વિટ્ઝર્લૅંડનો ખ્યાલ આપે. પણ એ સૌન્દર્ય વચ્ચે, જાપાનના ફ્યુજીયામા જેવો, દુનિયામાં સૌથી ઊંચો કોટોપૅક્સી નામનો જ્વાળામુખી આવેલો છે એ હકીકતથી જુદો જ રોમાંચ થઈ આવે છે. જાપાનના ફ્યુજીયામાના ઘાટનો, પણ તેનાથી ઊંચો ને ઘેરી હિમમેખલાવાળો એ પર્વત ઘણા પ્રવાસીઓના મતે ફ્યુજીયામા કરતાં યે અધિક સુંદર છે.

સાગનો વિપુલ ને વિશાળ જથ્થો, અને કોકો કૉફી તથા રૂની ખેતી એ એકવાડૉરની સમૃદ્ધિ છે; અને લોખંડ, ત્રાંબું, સીસું અને બીજી ખનીજોથી ત્યાંની ભૂમિ ગભરે ભરી છે. બે લાખની વસતિવાળા આ પ્રદેશમાં ચોથો ભાગ તો મૂળ વતની 'ઇન્ડિયનો'નો છે. સો સેન્ટાવોનો એક સુક્ર (સોનાનો સિક્કો) એ ત્યાંનું ચલણ છે.

આવો મજબૂત કાગળ!

લડાઈની જરૂરિયાતોથી ઉત્તેજના પામીને અમેરિકાના કાગળના ઉદ્યોગે હમણાં એવા પ્રકારનો એક ટકાઉ કાગળ બનાવ્યો છે જે ફરીફરીને ધોઈને વાપરી શકાય છે! એ એટલો તો મજબૂત છે કે તેમાંથી પહેરવાનાં કપડાં ને તંબૂઓ સુદ્ધાં બનાવી શકાય। ક્રીપ-પેપરની છત્રીઓ દ્વારા તો હવે સૈનિકોને ખાદ્યસામગ્રી પહોંચાડી શકાશે. પતરાંના ડબાને ભુલાવે એવી મજબૂત એ કાગળની કોથળીઓ હવે બનવા લાગી છે. ભીનાં શાકભાજી લપેટ્યા છતાં પલળીને જરાય લૂલો ન બને એવા કાગળમાં જ હવે શાકભાજી મોકલાય છે. અને એ કાગળ એટલો મજબૂત છે કે તેની કોથળીઓમાં લોટ અને ખાંડ ભરીને વરસાદના ચૂવા નીંગળતાં ગોડાઉનોમાં મૂકેલાં હોય તોપણ જરા યે લોચો વળ્યા વિના અંદર એ સુક્કાં ને ભરભરાં રહે. આ અદ્ભુત

શક્તિ કાગળમાં લાવનારૂં તત્ત્વ તે 'મેલામાઇન ફૉર્મૉલ્ડિહાઈડ' નામની એક સિન્થેટિક રેઝીન છે. કાગળના માવામાં અમુક પ્રમાણમાં તે મેળવી દેવાથી આ મજબૂતી આવે છે. કાગળના માવાના તંતુએ તંતુમાં એ રેઝીન એવી તો ઓતપ્રોત થઇ જાય છે કે કાગળનો દેખાવ લેશમાત્ર બદલાતો નથી. (યુ.સો.વી)

પ્રોફેસર એચ. જે. ભાભા F. R. S.

હિંદના યુવાન અને લબ્ધપ્રતિષ્ઠ વૈજ્ઞાનિક પ્રોફેસર એ.ચ. જે.



ભાભા (જેમનો જીવન પરિચય 'કુમાર'ના ૨૧૬મા અંકમાં આવી ગયો) ને ૧૯૪૧-૪૨નું કૅમ્બ્રિજ યુનિવર્સિટીનું 'ઍડમ્સ પ્રાઇઝ' એનાયત કરવામાં આવ્યું છે, એ બીના ભારતીય વિજ્ઞાનમંદિરના સુવર્ણકળશ રૂપ છે. પ્રોફેસર ભાભા આવું અનન્ય માન મેળવનાર પ્રથમ હિંદી છે.

દર એકાંતરે વર્ષે વિશુદ્ધ ગણિત, ખગોળશાસ્ત્ર કે પ્રાકૃતિક તત્ત્વજ્ઞાનની કોઇ પણ શાખા સંબંધે સર્વોત્તમ બૃહન્નિબંધ-થીસીઝ-લખનારને મળતા આ 'ઍડમ્સ પ્રાઇઝ'ની કીંમત આશરે ૩૦૦ પૌંડ જેટલી આંકવામાં આવે છે. કૅમ્બ્રિજ યુનિવર્સિટીની ડિગ્રી મેળવનાર જ આ પ્રાઇઝના ઉમેદવાર બની શકે છે. એ પ્રાઈઝ માટે નિયત કરવામાં આવેલું ધોરણ અતિશય ઉચ્ચ હોઇને કેટલી યે વાર તેનો વિજેતા મળતો નથી. ૧૮૫૦ થી ૧૯૧૩ સુધીમાં આ પ્રાઈઝ ૧૫ વાર જ અપાયું હતું. મૅક્સવેલ, જે. જે. થૉમ્સન, પોઇંટીંગ, લાર્મર, લૉવે, મેક્લેરીન, જીન્સ અને ફાઉલર જેવા ઇંગ્લંડના મહાન વૈજ્ઞાનિકો આ અનન્ય પ્રાઈઝ મેળવવાને ભાગ્યશાળી થયા હતા. આ ઉપરથી આ પ્રાઈઝ મેળવવા માટે ખંતપૂર્વક કરેલા અભ્યાસની આરાધના કેટલે અંશે કરવી પડે છે તેનો ખ્યાલ આવશે. જગતના સર્વશ્રેષ્ઠ વિજ્ઞાનીઓની હરોળમાં સ્થાન મેળવવા માટે પ્રોફેસર ભાભા આપણાં હાર્દિક અભિનંદનને પાત્ર છે. (વીજળીની દુનિયા)

મહત્ત્વનાં રાજદ્વારી ખૂનો (૧૯૩૪ સુધી)

ઈ. પૂ. ૪૪ જૂલિયસ સીઝર-બ્રૂટસ દ્વારા
ઇ. ૧૪૧૩ એડવર્ડ પાંચમો
,, ૧૮૬૫ અબ્રાહમ લિંકન-બૂથ દ્વારા
,, ૧૮૭૨ હિંદના ગવર્નર જનરલ અર્લ ઑવ મેયો
,, ૧૮૭૬ તુર્કીનો સુલતાન અબ્દુલ અઝીઝ
,, ૧૮૮૧ રશિયાનો ઝાર ઍલેક્ઝાંડર; અમેરિકાનો પ્રમુખ ગાર્ફીલ્ડ
,, ૧૮૯૬ ઇરાનનો શાહ નસરૂદ્દીન
,, ૧૮૯૮ ઑસ્ટ્રિયાની સામ્રાજ્ઞી એલિઝાબેથ
,, ૧૯૦૯ જાપાનનો પ્રિન્સ ઈટો
,, ૧૯૧૩ ગ્રીસનો પહેલો જ્યૉર્જ
,, ૧૯૧૪ ઑસ્ટ્રિયાનો આર્કડ્યૂક ફ્રાન્સિસ ફર્ડિનાન્ડ
,, ૧૯૧૮ ઝાર નિકૉલસ-કુટુંબ સહિત
,, ૧૯૧૯ અફઘાનિસ્તાનનો અમીર હબીબુલ્લા
,, ૧૯૨૧ જાપાનનો વડો પ્રધાન તાકાશી હારા
,, ૧૯૨૨ આયર્લંડનો પ્રીમિયર માઇકેલ કૉલિન્સ તથા પોલાંડના
પ્રજાસત્તાકનો પહેલો પ્રમુખ ગાબ્રિયેલ નારૂટોવિટ્સ
,, ૧૯૨૪ ઇટાલિયન સમાજવાદી નેતા જાયા કોમોમેટી આદી
,, ૧૯૩૦ જાપાનનો વડો પ્રધાન હામાગુચી
,, ૧૯૩૩ અફઘાનિસ્તાનનો રાજા નાદીરશાહ
,, ૧૯૩૪ ઑસ્ટ્રિયાનો વડો પ્રધાન ઍંગલબર્ટ ડૉલ્ફસ-નાઝી હાથે.

ટિકિટ-સંગ્રહ [૪] . . . . વૉટરમાર્ક

ગયા હપતામાં જણાવ્યું તેમ વૉટર-માર્ક એ ટિકિટ-સંગ્રહમાં એક અગત્યનો મુદ્દો ગણાય છે, અને ટિકિટની પરખ કરવામાં તથા ઘણીવાર તેની કિંમત ઠરાવવામાં પણ તે ઉપયોગી થાય છે.

વૉટર-માર્ક એટલે કાગળને પ્રકાશ સામે ધરી રાખતાં તેમાં સફેદ રેખામાં જે આછી છાપ જણાય છે તે. છાપવાના અમુક પ્રકારના કાગળો સિવાય લગભગ બધી જ બનાવટના કાગળોમાં તે જોવામાં આવે છે. ફૂલસ્કૅપ, ઍંકપોસ્ટ વગેરે લખવાના કાગળો, દસ્તાવેજી કાગળો, ટિકિટો, ચલણી નોટો—બધામાં તે હોય છે. આ વૉટર-માર્ક કાગળની બનાવટ વખતે જ અમુક યુક્તિ વડે તેમાં પાડવામાં આવે છે, જે કાગળના આયુષ્ય સુધી તેમાં ટકે છે. અને તેનો ઉદ્દેશ તેના બનાવનારના કે કાગળના પોતાના નામનિર્દેશ ઉપરાંત ખોટી બનાવટ કે દગલબાજી સામે તકેદારી રાખવાનો પણ હોય છે.

ટપાલની ટિકિટોમાં પણ એ જ રીતે અમુક ટિકિટ ખરી અસલી બનાવટની છે કે કેમ એ પરખવાને તેનો વૉટરમાર્ક ઘણીવાર જોવાય છે. જોકે શરૂઆતના થોડા કાળમાં એવા વૉટરમાર્ક આવતા ન હતા. અને હમણાં ૧૦-૧૨ વરસના ગાળામાં પણ એવી ટિકિટો નીકળી છે. દાખલા તરીકે આપણે ત્યાં ૧૮૫૨માં સિંધના કમિશ્નરે સફેદ, બ્લુ અને લાલ કાગળ પર છાપ ઉપસાવીને સિંધ-મુંબાઈના ટપાલવહેવાર માટે કાઢેલી ટિકિટો ઉપર વૉટરમાર્ક ન હતો. ૧૮૫૪ના ઑક્ટોબરથી ઇસ્ટ ઇંડિયા કંપનીએ અખિલહિંદ ટપાલ ચાલુ કરી તેની ટિકિટોના આખા શીટ પર કંપનીના રાજ્યચિહ્નનો એક જ વૉટરમાર્ક હતો જેને મથાળે 'સ્ટૅમ્પ ઑફિસ' અને 'નં. ૪' એમ લખેલું હતું. ત્યાર બાદ કેટલોક વખત વૉટરમાર્ક વગરની ટિકિટો બહાર પડી, ને તે પછી હાથીના માથાવાળી ને ત્યાર બાદ વળી એક તેમજ વધારે તારાઓના વૉટરમાર્ક વાળી ટિકિટો આપણે ત્યાં બહાર પડી.

વૉટરમાર્કમાં જે દેશની ટિકિટ હોય તે દેશના રાજચિહ્ન, પ્રજાપ્રતીક, નામ, અગર એવી કાંઈ ને કાંઈ નિશાની હોય છે. પરંતુ એવા દાખલા પણ નીકળે છે કે એક જ રાજકર્તાના અમલમાં ટિકિટોમાં જુદાજુદા પ્રકારના વૉટરમાર્ક નંખાયા છે. ટિકિટોમાં આ પ્રકારના ફેરફાર તેનું વૈવિધ્ય વધારે છે અને એવા નવતર વૈવિધ્ય કે વિચિત્રતા વાળી ટિકિટનું મૂલ્ય ઘણું જ વધી જાય છે. એ વિચિત્રતા જેમ વધારે કુતૂહલપ્રેરક તેમ ટિકિટનું મૂલ્ય વધારે. દાખલા તરીકે કાગળની બનાવટ વખતે વૉટરમાર્ક નાખતાં ભૂલ થઇ જવાથી તે કોઈવાર એકસરખો ન પડતાં, ઉપર, નીચે કે પડખે આવી જાય છે; તો કોઇવાર છાપતી વેળા ટિકિટના ચિત્રથી ઊંધો પણ આવી જાય છે. આવા 'સાઈડવેઇઝ' કે 'અપરાઈટ' વૉટરમાર્કવાળી ટિકિટો હાથ કરી લીધી હોય તો પાછળથી તેનું સારૂં મૂલ્ય ઉપજે છે.

વૉટરમાર્ક જોવા માટે ઇનામલ કે કચકડાની ખાસ કાળા રંગની રકાબીઓ આવે છે, જેને 'વૉટરમાર્ક ડિટેક્ટર' કહે છે. તેમાં પાણી ભરી તે પર ટિકિટને ઊંધી મૂકવાથી વૉટરમાર્ક સહેલાઈથી દેખાઈ આવે છે. જો કે કોઇકોઇ ટિકિટોમાં તો માત્ર નિષ્ણાતો જ વૉટરમાર્ક પારખી શકે છે.

આ વૉટર-માર્ક જેવું જ ટિકિટનું બીજું અગત્યનું અંગ તે તેની આજુબાજુના કરકરિયા, જેને અંગ્રેજીમાં 'પરફોરેશન' કહે છે. તેને વિષે હવે પછી.

હરિલાલ બૅંકર

બાપ-વાતવાતમાં તું શરત મારે છે એ ટેવ સારી નથી.
બેટા-હવેથી એમ નહિ કરૂં બાપા.
બાપ-પણ મને ખાત્રી છે કે તું માનવાનો નહિ.
બેટા-જરૂર માનીશ બાપા; બોલો, કેટલાની શરત?

આ માસ ઈતિહાસમાં

ઑગસ્ટ

તા. ૧ હિંદુસ્તાનમાં નિકલનો એક આનાનો સિક્કો પહેલીવાર ચાલુ થયો. ૧૯૩૬.
તા. ૭ રવીન્દ્રનાથ ઠાકુરનું અવસાન, ૧૯૪૧.
તા. ૧૦ થર્મોપિલીનું ભયંકર યુદ્ધ ઇ. પૂ. ૪૮૦.
તા. ૧૨ સલીમે વિદ્વાન અબુલ ફઝલનું ઓરછાના રાજા પાસે ખૂન કરાવ્યું, ૧૬૦૨.
તા. ૧૫ ગાંધીજીના મંત્રી ને અંતેવાસી મહાદેવ દેસાઇનું યરવડા જેલમાં અવસાન, '૪૨.
તા. ૨૪ જશવંતરાવ હોળકરે બનાસકાંઠે અંગ્રેજોને જબરી શિકસ્ત આપી ૧૮૦૪.
તા. ૨૬ હિંદ શોધવા નીકળેલો વાસ્કો ડ ગામા કાલિકટને કિનારે ઊતર્યો, ૧૪૯૮.
તા. ૨૮ ગુજરાતી સુધારકવીર કરસનદાસ મૂળજીનું અવસાન. ૧૮૭૧.

આ માસની વ્યક્તિવિશેષ

રમેશચન્દ્ર દત્ત



ભારતની આ પ્રોજ્જવલ પ્રતિભાનો જન્મ ૧૮૪૮ની ૧૩ મી ઑગસ્ટે કલકત્તામાં થયો. ૧૯ની વયે ઇંગ્લંડ જઇને આઈ. સી. એસ. થઇ આવી ૧૮૬૯માં તે હિંદી સનદી નોકરીમાં જોડાયા, જ્યાંની ૨૮ વર્ષની કામગીરીમાં એમણે મુલકી ખાતામાં એટલું યશસ્વી કાર્ય કર્યું કે છેવટે બંગાળના કમિશ્નરપદે પહોંચ્યા, જ્યાં એ પહેલા હિંદી હતા. બંગાળના ખેડૂતોને આશીર્વાદ રૂપ બંગાળ ટેનેસી ઍક્ટ એમની જ મહેનતનું ફળ છે.

રાજકાજ સાથે સાહિત્યમાં પણ એમની પ્રતિભા એટલી જ તેજસ્વિતાથી ચમકી છે. ચાર બંગાળી નવલકથાઓથી શરૂ કરીને 'બંગ સાહિત્યનો ઇતિહાસ', ઋગ્વેદનું અંગ્રેજી ભાષાંતર, રામાયણ અને મહાભારતનો બલવાન અંગ્રેજી કાવ્યાનુવાદ, 'પ્રાચીન ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ', અને 'હિંદના આર્થિક ઇતિહાસ'ના એમના મહાગ્રંથ સુધીની કૃતિઓએ એમને ખ્યાતપ્રાપ્તિ કર્યા છે.

૧૮૯૭માં નિવૃત્ત થઇ ૧૯૦૪ સુધી ૭ વર્ષ લગી દાદાભાઈ ને સુરેન્દ્રનાથ જોડે એમણે ઇંગ્લંડ ને હિંદમાં તનતોડ રાષ્ટ્રકાર્ય કર્યું, જેની કદર કરીને દેશે એમને ૧૮૯૯ની લખનૌ મહાસભાના પ્રમુખપદે નીમેલા. ૧૯૦૪માં વડોદરાનરેશે એમને પોતાના મહેસુલી પ્રધાન અને ૧૯૦૯માં દીવાન બનાવ્યા, જ્યાં કાર્યના અસહ્ય બોજથી ૧૯૦૯ની ૩૦મી નવેમ્બરે એમનું અવસાન થયું.

> જીતનું દિલ જીતવાનું કામ છે,
> જિંદગી જિંદાદિલીનું નામ છે.
>
> — બ. ક. ઠાકોર

કાશીના સ્વ. બાબુ શિવપ્રસાદ ગુપ્તા હિંદીત્વના એટલા આગ્રહી હતા કે પોતાની મોટરનું નંબરનું પાટિયું સુદ્ધાં અંગ્રેજીમાં ન રાખતાં હિંદીમાં રાખેલું તે કારણે તેમનો એક રૂપિયાનો દંડ થયો તે તેમણે હાઇકોર્ટ સુધી લડીને રદ કરાવ્યો. એ માટે મિત્રોએ અભિનંદન આપતાં તેમણે કહ્યું કે હાઇકોર્ટનો ચુકાદો એ મારી નહિ પણ 'હિંદી'ની જીત છે.

અનેકાર્થી શબ્દ: **ચટ**=તરત; ઝટ; જીદ અથવા હઠ; ખતમ કે ઓહિયાં; કાળજી અથવા ચાનક; શ્રાદ્ધમાં દેવને સ્થાને મુકાતી ગાંઠ વાળેલી દાભની સળી.

કહેવતોના અર્થ: 'બાઇ ક્રાઇ કોઈ ઓર આગે નહિ.' અતિધાણો વિવેક કે નમ્રતા રાખવાથી દુનિયા તેને નબળાઈ ગણીને ગાંઠતી નથી, પણ થોડો દમ ભીડાવીને જ કામ પાર પાડી શકાય છે એમ બોધતી આ કહેવતનો ભાવ તેના જેવી જ બીજી કહેવતો વધુ સ્પષ્ટ કરશે: 'આશીર્વાદનો એકે નહિ, ગાળ દીધાના બે'; 'સાધુનાં સીધાં જોખાય નહિ'; 'વૈરાગીના કટકથી ગામ મરે નહિ.' 'આગે લાત પીછે બાત.' 'ચમત્કાર વિના નમસ્કાર નહિ.'



ખોટી વાત: આંખનો ડોળો આપણને ભલે દેખાય છે કાળો, પણ તે કાળા રંગનો હોતો નથી. ખરી રીતે તેને કોઇ રંગ જ નથી. એ કાળો દેખાવાનું કારણ તો એ છે કે ત્યાં આંખનું અંધારું બાકોરું માત્ર છે. આપણે કોઈ અંધારા ઓરડામાં નજર કરીએ તો તેનું બારણું કાળું દેખાય છે, પણ બારણું પોતે કાંઈ કાળું હોતું નથી. તેવું જ આંખના ડોળાનું છે. આંખની રચના એક કૅમેરા જેવી છે અને ડોળો એ તેનું શટર છે, જે ડોળાની આસપાસના ઇરીસ નામના એક સ્નાયુની મદદથી ઉઘાડવાસ થાય છે. અને આંખને જરૂરના પ્રકાશનું નિયમન કરે છે.



હિંદમાં ૧૮ કરોડ ઢોર છે, જ્યારે જર્મનીમાં માત્ર રાા કરોડ; છતાં તે હિંદ જેટલું જ દૂધ આપે છે. કારણ ઉપર દર્શાવ્યું છે.

સરકો અને મીઠું મેળવેલા પાણી વડે ધાણી મેલી ને ડાઘવાળી શીશીઓ, ટંબલર, કાચનાં વાસણ વગેરે સાફ કરી શકાશે.


ચોમાસાની ઋતુમાં ટપાલની ટિકિટો ઘણીવાર ચોંટી જાય છે. સપાટ ટેબલ પર તે મૂકી ઉપર એકાદ કપડું રાખી તે પર સહેજસાજ ગરમ ઈસ્ત્રી ફેરવજો. ભેજ ચુસાઇ જઇને ટિકિટો ઉખડી આવશે.

ગણિતગમ્મત: ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮ એમાં (૧×૨)+(૩×૪)+(૫×૬)+(૭×૮)= ૧૦૦=$૧૦^{૨}$. વળી એ જ રીતે ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, એ નવ આંકમાંથી એકએક અંક છોડીને અનુક્રમે આધાંપાછાં જોડકાં લેતાં (૧×૩)+(૨×૪)+(૩×૫)+(૪×૬)+(૫×૭) +(૬×૮)+(૭×૯)=૧૯૬ થશે અને તેનું પણ વર્ગમૂળ નીકળશે-૧૪. (મ. ના. ખત્રી)

૨૪૦મા અંકના છેલ્લા પાનામાં જણાવ્યા પ્રમાણે વીમાની પહેલવહેલી પૉલિસી ઇ. ૧૮૫૩માં નહિ પણ ૧૫૮૩માં આપેલી.

હવે, સાહેબ, જો આપ જરા આ ફીતનો છેડો પકડી રાખો તો હું આપના ઘેરાવાનું માપ લેવા માટે આપની પ્રદક્ષિણા ફરી આવું. વાર નહિ લાગે; અબઘડી આવી પહોંચીશ !





રાજકુમારની અશ્વપરીક્ષા

ચિત્રકાર : એમ. એસ. પટેલ





અમેરિકાથી હિંદ માત્ર પાંચ જ સેન્ટની ટિકિટમાં કાગળ આવી શકે છે; પણ ત્યાં યુદ્ધપ્રચારની તેમજ બીજી નવી બહાર પડેલી ટિકિટો મોકલવાના ઈરાદે એક મિત્રે ઉપરના કવર પર (લાંબી પટ્ટીમાં) ૭૦ સેન્ટ (લગભગ ૨-૪-૦)ની ટિકિટો ચોડી મોકલી છે. (શ્રી હરિલાલ બૅંકર). બીજા ચિત્રમાં શરૂની ત્રણ ટિકિટ ઈટાલીના યુદ્ધપ્રચારની છે. પહેલાં તે એકલી છબીવાળી નીકળતી તેને પડખે યુદ્ધનાં દૃશ્યો કે આયુધોનાં પ્રતીકો ઉમેરીને લાંબી બેવડા કદની કાઢી છે (ઇન્દુકુમાર શાહ–ડુપલેટા). બીજા ચિત્રની ચોથી ટિકિટ અમેરિકા અને ચીનની મૈત્રીની પંચવર્ષી સમયે અમેરિકાએ કાઢેલી. તેના પર ડાબી બાજુ અમેરિકન લોકસ્વાતંત્ર્યના પુરસ્કર્તા પ્રમુખ અબ્રાહમ લિંકન અને જમણી તરફ ચીની સ્વાતંત્ર્યના આદ્યસ્થાપક ડૉ.સુન યાત સેનની છબીઓ, નીચે તેમનાં કદ્બોધવચનો સાથે છાપેલી છે. વચ્ચે, ચીનના નકશામાં ચીની પ્રજાના સૂર્યના પ્રતીકમાં જુલાઈ ૭,૧૯૩૭—જુલાઈ ૭, ૧૯૪૨ તારીખો છે. (શ્રી હરિલાલ બૅંકર)